RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૨    ગુરૂવાર, તા.૨૫-૦૪-૨૦૨૪    અંક : ૨૬૫ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# કાલે ૧૩ રાજ્યોની ૮૮ સીટો પર મતદાન

## રાહુલ ગાંધી, શશિ થરૂર, હેમા માલિની સહિતના દિગ્ગજોની કિસ્મત દાવ પર



નવીદિલ્હી,
લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર મતદાન થવાનું છે. હાઈ-વોલ્ટેજ પ્રચાર બુધવારે સાંજે બંધ થઈ ગયો. ૨૬ એપ્રિલે કેરળની તમામ ૨૦ સીટ પર, કર્ણાટકની ૨૮ સીટોમાંથી ૧૪ સીટ પર, રાજસ્થાનમાં ૧૩ સીટ પર, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ૮-૮ સીટો પર, મધ્યપ્રદેશની ૭ સીટ પર, આસામ અને બિહારમાં ૫-૫ સીટ પર મતદાન થશે, જયારે છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં ૩-૩ બેઠકો પર અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧ બેઠક પર મતદાન થશે. જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું.

૨૬ એપ્રિલે યુપીની જે ૮ લોકસભા બેઠકો માટે મતદાન થવાનું છે તેમાં અમરોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહર, અલીગઢ અને મથુરાનો સમાવેશ થાય છે. બીજા તબક્કાના મતદાનમાં ૯૧ ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. તેમાં ત્રીજી વખત મથુરાથી ચૂંટણી લડી રહેલી હેમા માલિની અને મેરઠથી ચૂંટણી લડી રહેલા અરુણ ગોવિલ પણ સામેલ છે.

બીજા તબક્કામાં અનેક દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. તેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ) સામેલ છે.

ચૂંટણી પંચ દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર બીજા તબક્કામાં કુલ ૮૯ બેઠકો પર મતદાન થવાનું હતું, પરંતુ મધ્યપ્રદેશની બેતુલ બેઠક પર બસપા ઉમેદવારના મૃત્યુ બાદ અહીં ચૂંટણી ત્રીજા તબક્કામાં ખસેડવામાં આવી હતી.

# PM મોદીની ગુજરાતમાં બે દિવસમાં ૬ સભાઓ : ૧૫ બેઠકો આવરી લેશે



અમદાવાદ,
દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારનો આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન ૧-૨ મે એમ બે દિવસમાં જ છ જાહેર સભાઓ ગજવશે. સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે.

વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે.રાજ્યની હવે ૨૫ બેઠકો પર જ ખરાખરીનો જંગ રહ્યો છે. ભાજપ માટે આણંદ, રાજકોટ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, જામનગર જેવી બેઠકો પર ક્ષત્રિયોનો પડકાર છે.

### અમિત શાહ ૨૭થી ૨૯ એપ્રિલ પ્રચાર પ્રવાસ શરૂ કરશે

ગુજરાતમાં ૫ મેના રોજ પ્રચારના પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપના નેતાઓ નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૨૭થી ૨૯ એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિત શાહ બારડોલીથી ૨૭મીએ પોતાનો પ્રચાર પ્રવાસ શરૂ કરશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિત શાહની સભાઓ ગોઠવાઈ રહી છે.

# નિલેશ કુંભાણી ભાજપમાં જોડાઈ રહ્યો છે ? કોંગ્રેસના કાર્યકરો નિલેશને કંલકિત કરે છે- નિતા કુંભાણી

### નિલેશ કુંભાણીની પત્નિએ કોંગ્રેસના કાર્યકરો પર ઠીકરૂં ફોડી નિલેશે કોઈ સોદાબાજી ન કર્યા હોવાનું જણાવ્યું

સુરત,
સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું નોમિનેશન રદ થયા બાદ સુરત લોકસભાના આઠ અપક્ષ ઉમેદવારોએ પણ પોતાનું નોમિનેશન પરત લઈ લીધુ હતું. તે બાદ ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિન હરીફ જીતી ગયા હતા. હવે નિલેશ કુંભાણી ભાજપમાં સામેલ થઈ શકે છે. સુત્રો અનુસાર, તે આ અઠવાડિયે જ ભાજપમાં સામેલ થશે. નિલેશ કુંભાણી ફોર્મ રદ થયા બાદ પોતાના ઘરેથી ગાયબ થઈ ગયા છે અને તેમના ઘર પર તાળું લટકેલું જોવા મળી રહ્યું છે.

આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે નિલેશ કુંભાણીની પત્ની નીતા કુંભાણીનું નિવેદન સામે આવ્યું છે. નીતા કુંભાણીએ કહ્યું કે, 'શું નિલેશ કુંભાણીએ કહ્યું કે મે પૈસા લીધા છે કે આવું કોઈ કામ કર્યું છે? શું નિલેશ કુંભાણીએ કહ્યું કે હું ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહ્યો છે? પાર્ટીના કાર્યકરો પણ આંતરિક રીતે નીલેશનું નામ કલંકિત કરવાનું કાવતરું કરી રહ્યા છે. તેમનું નોમિનેશન રદ કરવામાં આવ્યું છે અને તેથી તેઓ કાર્યવાહી કરવા અમદાવાદ ગયા છે.

# IIT-JEE મેન્સનું પરિણામ જાહેર: નીલકૃષ્ણ ઓલ ઈન્ડિયા ટોપર

### ગુજરાતના ૨ સહિત ૫૬ વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સેન્ટાઈલ મળ્યા : જનરલ કટઓફ ૯૩.૨૩%



નવીદિલ્હી,
નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ JEE મેન્સ ૨૦૨૪ સેશન ૨નું પરિણામ જાહેર કર્યું છે. એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ મેન્સ સેશન-૨ માટે હાજર થયેલા ઉમેદવારો હવે સત્તાવાર વેબસાઈટ jeemain.nta.ac.in પર તેમનું સ્કોરકાર્ડ ચેક કરી શકશે.

આ વખતે અત્યાર સુધીનો રેકોર્ડ તોડીને સૌથી વધુ ૫૬ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સેન્ટાઈલ હાંસલ કર્યા છે. જેમાં કર્ણાટકની સાનવી જૈન અને દિલ્હીની શાયના સિન્હા નામની બે છોકરીઓનો સમાવેશ થાય છે. ગત વખતે ૪૩ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા હતા.

રાજ્ય પ્રમાણે, ૧૦૦ પર્સેન્ટાઈલમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ તેલંગાણાના ૧૫, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી ૭-૭, દિલ્હીમાંથી ૬, રાજસ્થાનમાંથી ૫, કર્ણાટકના ૩, તમિલનાડુ, ગુજરાત અને હરિયાણામાંથી ૨, ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી ૧-૧ વિદ્યાર્થી છે.

આ વખતે, JEE મેઈન્સના એપ્રિલ સત્ર માટે જનરલ કેટેગરીની કટઓફ પર્સન્ટાઈલ ૨૦૨૩ની સરખામણીમાં ૨.૪૫ પોઈન્ટ્સ વધારે હતું, જોકે સામાન્ય કેટેગરી માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વખત કરતાં ૧૨૬૧ ઓછી છે.

આ વખતે JEE એડવાન્સ માટે ક્વોલિફાઈંગ પર્સન્ટાઈલ પાંચ વર્ષમાં સૌથી વધુ છે. જનરલ કેટેગરીના ૯૭,૩૫૧ વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સેન્ટાઈલ અને ૯૩.૨૩ વચ્ચે પસંદ કરવામાં આવ્યા છે. ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવનારા વિદ્યાર્થીઓમાં ૬ ઈડબ્લ્યુએસ કેટેગરીના છે, જેમાંથી ૪ તેલંગાણાના અને ૨ આંધ્રપ્રદેશના છે.

# હવે મુસ્લિમ આરક્ષણ પર પણ અટવાયેલી જોવા મળી કોંગ્રેસ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુદ્દે કોંગ્રેસને ઘેરી

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી પ્રચાર વચ્ચે કોંગ્રેસ હવે મુસ્લિમ આરક્ષણ પર પણ અટવાયેલી જોવા મળી રહી છે. પછાત વર્ગ આયોગનું કહેવું છે કે, કર્ણાટકની કોંગ્રેસ સરકારે તમામ મુસ્લિમ જાતિઓને [illegible]માં સામેલ કરી છે અને તેમને અનામત આપવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુદ્દે કોંગ્રેસને ઘેરી છે. મિલકતની વહેંચણી પર અટવાયેલી કોંગ્રેસ હવે મુસ્લિમ આરક્ષણ પર પણ અટવાયેલી જોવા મળી રહી છે. આ હવે લોકસભા ચૂંટણી માટે પણ એક મુદ્દો બની ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે તમામ મુસ્લિમોને [illegible] ક્વોટામાં મૂકીને આ સમુદાયના લોકોને આપવામાં આવેલી અનામતને કાપી નાખી છે. છત્તીસગઢમાં ચૂંટણી રેલી દરમિયાન પીએમ મોદીએ કહ્યું, 'કર્ણાટકની કોંગ્રેસ સરકારે વધુ એક પાપ કર્યું છે. મુસ્લિમ સમાજની તમામ જ્ઞાતિઓને ઓબીસી ક્વોટામાં મૂકીને ઓબીસી બનાવવામાં આવી છે. એટલે કે આપણા ઓબીસી સમુદાયને જે લાભ મળતો હતો તેનો મોટો હિસ્સો કપાઈ ગયો હતો.

# હું તેને બકરાની જેમ કાપી નાખીશ

### CM યોગી આદિત્યનાથને ખુલ્લેઆમ આપી ધમકી

પ્રયાગરાજ,
પ્રયાગરાજમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીને ધમકી આપતો વીડિયો સામે આવ્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સોશિયલ મીડિયા પર ધમકી આપતા યુવક સામે પ્રયાગરાજ પોલીસ દ્વારા એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. આ સાથે પોલીસે તેની ધરપકડ કરવા માટે કાર્યવાહી પણ હાથ ધરી દીધી છે. વાયરલ વીડિયોના આધારે આરોપી શમીમ ઉર્ફે બબલુ વિરુદ્ધ પ્રયાગરાજના ગંગાનગર ઝોનના નવાબગંજ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. સામાજિક કાર્યકર્તા સર્વેશ કુમારે કેસ દાખલ કર્યો છે.

આરોપી શમીમ ઉર્ફે બબલુનો એક વીડિયો સોશિયલ મીડિયામાં અત્યારે ખુબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં શમીમ એવું કહી રહી રહ્યો છે કે, 'જો યોગી આદિત્યનાથ તેના ઘર પર બુલડોઝર ચલાવાની હિંમત કરશે તો હું તેને બકરાની જેમ કાપી નાખીશ.' નોંધનીય છે કે, આરોપી યુવક મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ખુલ્લેઆમ ધમકી આપી રહ્યો છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

# કોંગ્રેસે હૈદરાબાદ માટે મોહમ્મદ વલીઉલ્લાહ સમીરને આપી ટિકિટ

### અસદુદ્દીન ઓવૈસી અને ભાજપના માધવી લતા સામે ચૂંટણી મેદાનમાં એન્ટ્રી

નવીદિલ્હી,
કોંગ્રેસે આજે ચાલી રહેલી લોકસભા ચૂંટણી માટે તેલંગાણા માટે વધુ ત્રણ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં હૈદરાબાદ માટે મોહમ્મદ વલીઉલ્લાહ સમીરનો પણ સમાવેશ થાય છે, જે પહેલાથી જ વર્તમાન સાંસદ અસદુદ્દીન ઓવૈસી અને ભાજપના માધવી લતાની હાજરી સાથે જોરશોરથી ઝુંબેશ ચલાવી રહ્યાં છે. હૈદરાબાદ લોકસભા મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર સમીર વલીઉલ્લાહે મંગળવારે, ૨૩ એપ્રિલના રોજ હૈદરાબાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રિર્ટનિંગ ઓફિસરને ઔપચારિક રીતે તેમના ઉમેદવારી પત્રો સબમિટ કર્યા.ભૂતપૂર્વ પ્રધાન અને રાજ્ય સરકારના સલાહકાર એમડી અલી શબ્બીર, ઓબેદુલ્લા કોટવાલ અને અન્ય પક્ષના સભ્યો સાથે સમીર વલીઉલ્લાહ જેઓ હાલમાં કોંગ્રેસના હૈદરાબાદ જિલ્લા સમિતિના પ્રમુખ છે.

# રાજૌરી હત્યાકાંડ પાછળ વિદેશી આતંકવાદી અબુ હમઝાનો હાથ

### જમ્મુ અને કાશ્મીર પોલીસે ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું

રાજૌરી,
જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં ૨૨ એપ્રિલની રાત્રે આતંકવાદીઓએ ટાર્ગેટ કિલિંગને અંજામ આપ્યો હતો. કેસની તપાસ કરી રહેલી જમ્મુ અને કાશ્મીર પોલીસે મંગળવારેદાવો કર્યો હતો કે હુમલા પાછળ વિદેશી આતંકવાદી અબુ હમઝાનો હાથ હતો. આ તેનું કોડનેમ છે. તે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો છે.

પોલીસે અબુ હમઝા વિશે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું છે.

પોલીસે અબુ હમઝા (૩૨)નું પોસ્ટર પણ બહાર પાડ્યું છે. એવું પણ કહેવાય છે કે હુમલા વખતે તેણે ભૂરા રંગની શાલ સાથે પઠાણી સૂટ પહેર્યો હતો.

# હવે મામા દિલ્હી જશે : શિવરાજસિંહ ચૌહાણનું ભાષણ ચર્ચામાં

### વડાપ્રધાન મોદીએ પણ શિવરાજસિંહ ચૌહાણ સાથે જૂની વાતો યાદ કરી

નવીદિલ્હી,
મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને વિદિશાના ભાજપના ઉમેદવાર શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે હવે મામા દિલ્હી જશે અને દિલ્હીમાં પણ ખાલી નહીં જાય. શિવરાજ સિંહના ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. શિવરાજ સિંહ વીડિયોમાં કહે છે, "દેશમાં મોદીજી અને અહીં મોહન યાદવજી કામ કરશે અને હવે મામા દિલ્હી જશે અને દિલ્હી પણ ખાલી-પીલી નહીં જાય. દૂબળો-પાતળો જરૂર છું પરંતુ કામ કરાવીને છોડીશ, ચિંતા ના કરતા. અહીંના વિકાસ અને સારા માટે જઈશ."

આ વચ્ચે એક કાર્યકર્તાએ માંગ કરતા કહ્યું કે, તમારે દિલ્હીથી બે પદ લઈને આવવાનું છે. કૃષિ મંત્રી અને પંચાયત મંત્રી. જેના પર શિવરાજ સિંહ હસવા લાગ્યા હતા અને કહ્યું કે હું તો કાર્યકર્તા છું અને પાર્ટી જે પણ આપશે, પરંતુ જે કામ કરીશ, પુરી પ્રમાણિકતા સાથે કરીશ. હું તો તમારો છું અને તમારી સેવા કરતો રહીશ.

મધ્ય પ્રદેશના બેતુલમાં એક જનસભાને સંબોધતા પીએમ મોદીએ શિવરાજ સિંહ ચૌહાણ સાથેના જૂના સંબંધને યાદ કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું, "ત્રીજા તબક્કાનું મતદાન ૭મી મેના રોજ છે અને વિદિશાથી અમારા ઉમેદવાર શિવરાજ સિંહ ચૌહાણ છે. શિવરાજ સિંહ ચૌહાણ અને હું સંગઠનમાં સાથે કામ કરતા હતા. જ્યારે શિવરાજજી મુખ્યમંત્રી હતા ત્યારે હું પણ મુખ્યમંત્રી હતો અને હું તેમની સાથે જનરલ સેક્રેટરી તરીકે કામ કરતો હતો."

# કાળઝાળ ગરમીનો વધુ એક રાઉન્ડ શરૂ ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ને પાર

## આગામી એક અઠવાડિયા સુધી લોકોએ ગરમીનો સામનો કરવો પડશે



અમદાવાદ

હવે રાજ્યમાં ગરમીનો પારો ફરી એક વાર ઊંચકાયો છે. રાજ્યમાં મોટા ભાગનાં વિસ્તારમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો છે. આગામી દિવસોમાં હજુ પણ ગરમી વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બુધવારથી તાપમાનમાં ગરમી વધવાથી ફરી એકવાર લોકોએ કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી શકે છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ આગામી એક અઠવાડિયા સુધી લોકોએ ગરમીનો સામનો કરવો પડશે, રાજ્યનાં તાપમાનમાં હજુ વધારો થશે. હવામાન વિભાગ દ્વારા મળેલી માહિતી અનુસાર, બુધવારે રાજ્યના ૭ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અમદાવાદનું તાપમાન ૪૦.૮ ડિગ્રી નોંધાયું, જ્યારે ગાંધીનગરમાં ૪૦.૪ ડિગ્રી, વડોદરામાં ૪૦.૬ ડિગ્રી, રાજકોટમાં ૪૦.૫ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૦.૭ ડિગ્રી અને વીવી નગરમાં વીવી નગરમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આ સિવાય રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો સૌથી ઓછું તાપમાન દ્વારકામાં ૩૦.૪ ડિગ્રી નોંધાયું છે, જ્યારે સુરત અને ભાવનગરનું તાપમાન અનુક્રમે ૩૮.૮ અને ૩૮.૨

# વસ્ત્રાપુરમાં જૂથ અથડામણમાં એક મહિલાનું મોત : ૪થી વધુ ઈજાગ્રસ્ત

## પત્રિકામાં નામ છપાવવા બાબતે ભરવાડ સમાજના ૨ જૂથો વચ્ચે અથડામણ થઈ હતી



અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર ગામમાં જૂથ અથડામણની ઘટના સામે આવી છે. આ જૂથ અથડામણમાં એક મહિલાના મોતની માહિતી સામે આવી છે. અથડામણમાં ૪થી વધુ લોકો ઘાયલ થયા છે.

બે જૂથો મંદિર મામલે આમનેસામે આવી ગયા હતા જેમાં લીલીબેન ભરવાડ નામની મહિલાનું મોત થયું છે. ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વસ્ત્રાપુર ગામમાં મંદિરના જીર્ણોદ્ધારની પત્રિકામાં નામ છપાવવા બાબતે ભરવાડ સમાજના ૨ જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. જે બાદ મામલો ઉગ્ર બનતા પથ્થ્થરમારો થયો હતો જેમાં એક મહિલાનું મોત થયું હતું અને ૪થી વધુ લોકો ઘાયલ થયા હતા.

# ધંધામાં દેવુ થતાં વેપારીએ ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું

## યુવાન ઓનલાઈન સાડીનો વેપાર કરતો હતો

અમદાવાદ

ઉધનાના ઓનલાઈન સાડીના વેપારી યુવાને ધંધામાં દેવું થઈ જતા ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતુ. બીજા બનાવમાં ઘરકંકાસમાં ચોકબજારના યુવાને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મહારાષ્ટ્રના જલગાવનો વતની અને ઉધના વિપુલ નગર ખાતે રહેતો ૨૪ વર્ષીય કેતન પાટીલ ઓનલાઈન સાડીનો વેપાર કરતો હતો. મંગળવારે રાત્રે કેતને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કેતને ધંધો બરાબર ચાલતો ન હોવાથી માથે દેવુ થઈ જતા આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આ?વ્યું હતું. આ સાથે લેણદારો દ્વારા તેની પાસેથી કડક ઉઘરાણી કરાતી હોવાની શંકા વ્યકત કરાઈ છે.

ચોક બજાર પટની કોલોનીમાં રહેતો ૨૮ વર્ષીય મુહમ્મદ સલીમ મોહંમદ જમીલ અંસારી છુટક મજુરી કરી ગુજરાન ચલાવતો હતો. ચાર પાંચ મહિના પહેલા જ તેના લગ્ન થયા હતા. સલીમ અને તેની પત્ની વચ્ચે નાની નાની બાબતોમાં ઝગડા થતા હતા. મંગળવારે પણ ઝગડો થતા તેની પત્ની પિયર જતી રહી હતી.

# ગાંધીનગરમાં મતદાનના દિવસે હોટલ- રેસ્ટોરન્ટ જેવા વ્યવસાય સાથે સંકળાયેલ વેપારીઓએ કરી ૭ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત

## ૭મીના રોજ યોજાનાર મતદાનને યાદગાર બનાવવા માટે શહેરના તમામ સ્વીટમાર્ટ, ૧૫થી વધુ હોટલો, ભાજીપાઉ-પાણીપુરી સાથે પીઝા અને કેએફસીએ અનોખી પહેલને વધાવી

ગાંધીનગર,

લોકશાહીના અવસરની ઉત્સાહભેર ઉજવણી કરવા માટે ગાંધીનગર થનગની રહ્યું છે. લોકશાહીના અવસરને વધાવવા માટે ગાંધીનગર શહેર સહિત જિલ્લાના વેપારીઓએ મતદારો માટે ડિસ્કાઉન્ટની લ્હાણી કરી છે. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેની પ્રેરણાથી લોકશાહીના આ અવસરને વધાવવા માટે ૨૬ વેપારીઓ સાથે ગાંધીનગર મીઠાઇ- ફરસાણના એસોશિએશને મતદાન કરનાર વ્યક્તિને ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવાની અનોખી પહેલને આવકારી છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં સૌથી વધુ મતદાન થાય તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સ્વીપ અંતર્ગત મતદાન જાગૃત્તિના અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં તા.૨૨ એપ્રિલ થી તા. ૦૫મી મે, સુધી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદાન જાગૃત્તિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મતદારોમાં મતદાન કરવાની પોતાની નૈતિક ફરજ અદા કરવાની છે, તે યાદ કરાવવા માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ૭ ટકા ડિસ્કાઉન્ટની ઉમદા પહેલ... રાજયભરમાં સૌ પ્રથમ શરૂ કરી હતી. જેના ભાગરૂપે નાયબ કલેકટર શ્રી અર્જુનસિંહ વણઝારાના પ્રયાસોથી લોકશાહીના અવસરના વધામણા કરવાની ઉમદા પહેલને ગાંધીનગર શહેરના વેપારીઓએ ઉત્સાહભેર વધાવી લીધી છે.

મતદાન કરનાર નાગરિકને ભોજન, નાસ્તો કે અન્ય ચીજ વસ્તુઓ પોતાની દુકાન પરથી ખરીદે તો ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર શહેરના મીઠાઇ- ફરસાણ એસોસિએશ હર્ષભેર સહભાગી બન્યું છે. તેની સાથે ગાંધીનગરની નામાંકિત એવી રાધે સ્વીટ, વૃન્દાવન સ્વીટ માર્ટ, અંબિકા સ્વીટ (સેકટર-૨૪), આનંદ સ્વીટ માર્ટ (સેકટર-૧૬) દ્વારા પોતાની તમામ બ્રાન્ચ પરથી ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરાઇ છે.

# જાણીતા ટેનિસ ખેલાડી માધવીન કામથ સામે FIR

## કામથ હાલ ટેનિસ ટુર્નામેન્ટ રમવા માટે ફ્રાન્સ ગયો છે

અમદાવાદ

અમદાવાદમાં રહેતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ટેનિસ પ્લેયર માધવીન કામથ વિરુદ્ધ અમદાવાદ સાયબર ક્રાઈમમાં ગુનો નોંધવામાં આવ્યો છે. જે ફરિયાદમાં એક યુવતીએ જણાવ્યું હતું કે, તેના અલગ અલગ વિસ્તારમાં પોસ્ટર લાગ્યા છે અને તેનો નંબર ફોર એસ્કોર્ટ સર્વિસ લખીને બદનામ કરવામા આવી છે. આ સંદર્ભે તપાસ કરતા આ પોસ્ટર માધવીન કામથે બનાવડાવ્યા હતા. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. જોકે સાયબર ક્રાઈમના ડીસીપીએ જણાવ્યું હતું કે, કામથ હાલ ટેનિસ ટુર્નામેન્ટ રમવા માટે ફ્રાન્સ ગયો છે.

# નર્મદા નદીમાં ડૂબી જતા બે સગા ભાઈઓના મોત

## ગરડેશ્વર દત્ત મંદિરે નર્મદા નદીના કિનારામાં નાનો ભાઈ નાહવા જતા ડૂબ્યો, તેને બચાવવા જતા મોટોભાઈનું પણ પાણીમાં ગરકાવ

અમદાવાદ,

નર્મદા જિલ્લાના ગરડેશ્વર દત્ત મંદિરે નર્મદા નદીના કિનારા માટે દર્શનાર્થે આવેલા ત્યારબાદ બે ભાઈઓ નર્મદા નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. ત્યારે વિશાલ રાજુ રાઠોડ ગડેશ્વર દત્ત મંદિરના ઓવરા પાસે નર્મદા નદીમાં નાહવા ગયેલ ત્યારે અચાનક એકા એક તે પાણીમાં ડૂબવા લાગતા તેની સાથે નહાવા પડેલો એનો મોટો ભાઈ વેંકટ રાજુ રાઠોડે પણ તેને નાના ભાઈને બચાવવા પ્રયાસ કર્યો, પરંતુ બંને ભાઈઓના ડૂબી જવાથી કરુણ મોત થયા છે. બંને ભાઈઓના મોત થતાં પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે બંને ભાઈઓ ગરડેશ્વર ખાતે દત્ત મંદિરે દર્શન કર્યા બાદ જે ઓવારાનો ભાગ છે. ત્યાં નાહવા ગયા હતા. પરંતુ ભાગમાં મોટો ખાડો પડેલો છે. ત્યાં ખાડો પડી છે જેમાં પહેલા એક ભાઈ ડૂબ્યો ત્યારબાદ બીજો ભાઈ તેને બચાવવા જતા બંને ભાઈઓના કરુણ મોત થયા છે.

# આઈસક્રીમ લેવા જેવી નજીવી બાબતે અમદાવાદના નવરંગપુરામાં હત્યા

અમદાવાદ,

અમદાવાદના નવરંગપુરામાં હત્યાનો બનાવ બન્યો છે. શીતલ આઈસક્રીમ પાસે હત્યાનો બનાવ બન્યો છે. હત્યા પાછી કોઈ વ્યક્તિગત અદાવતમાં કરવામાં આવી નથી, પણ આઈસક્રીમ લેવા જેવી નજીવી બાબતે હત્યા કરવામાં આવી છે. જીતેન્દ્ર દંતાણી નામના યુવકની હત્યા કરવામાં આવી છે. પોલીસે હત્યાના પગલે સગીરની ધરપકડ કરી છે અને કેસની તપાસ આદરી છે.

નવરંગપુરા જેવા ક્રીમ એરિયામાં સરેઆમ જાહેરમાં આ રીતે હત્યાનો બનાવ બનતા કેટલીય દુકાનોના શટર પડી ગયા હતા. ભયની લાગણી ફેલાઈ ગઈ હતી. લોકોમાં નાસભાગ બચી ગઈ હતી અને ડરનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે આરોપીને રિમાન્ડ હોમમાં મોકલી આપશે તેમ મનાય છે. આરોપી સગીરે ફક્ત ક્ષણિક આવેશમાં આવીને હત્યા કરી હોવાનું મનાય છે.

# સુરતમાં એક મહિનામાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ૩૪૯૮ બાઈક કરાયા જપ્ત

## મોડીફાઈડ સાયલન્સર લગાવેલા ૨૦૦થી વધુ બુલેટ કબજે કરાયા કુલ ૧૭ લાખનો દંડ વસૂલ

સુરત

સુરતમાં પોલીસની અનોખી કામગીરી સામે આવી છે. છેલ્લા એક મહિનામાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ૩ હજાર ૪૯૮ બાઈક જપ્ત કરી ૧૭ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. ખટોદરા પોલીસ સ્ટેશન, ઉમરા પોલીસ સ્ટેશન, વેસુ પોલીસ સ્ટેશન, અલથાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વીક એન્ડ દરમિયાન મોડીફાઇ બાઈક શોધી કાઢવાની મુહીમ શરૂ કરવામાં આવી હતી. જેમાં એક મહિનામાં ૩૪૯૮ જેટલા વાહનો કબજે કરવામાં આવ્યા હતા.

મોટાભાગે બુલેટ બાઈકમાં મોડિફાઈડ સાયલેન્સર લગાવવામાં આવ્યું હતું. મોડીફાઈડ સાયલન્સર લગાવેલા ૨૦૦થી વધુ બુલેટ કબજે કરાયા. ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું જે બાઈક મોડીફાઈ કરવામાં આવે છે અને ખાસ કરીને સાઈલેન્સર મોડીફાઈ કરવામાં આવે છે તેમાં ૧૨૫ ડેસીબલ જેટલો અવાજ આવતો હોવાનું નોંધાયું હતું.

# સિંહોના મોતના મુદ્દે વિભાગો દ્વારા અપાતી 'ખો'થી ગુજરાત હાઈકોર્ટ થઈ નારાજ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે ભારતીય રેલ્વે અને વન વિભાગની કામગીરીમાં ભૂલ કરનાર અધિકારીઓને જવાબદાર ઠેરવવા અને જાન્યુઆરીમાં રેલવે ટ્રેક પર ત્રણ સિંહોના મૃત્યુનું કારણ શોધવા માટે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપશે. વિભાગોએ તેમના ''સ્કેચી'' તપાસ અહેવાલો માટે જણાવ્યું હતું અને કહ્યું હતું કે અદાલત વિભાગીય પૂછપરછ અને વંશવેલોના તળિયે રહેલા લોકોને નોકરીમાંથી કાઢી મૂકવાથી સંબંધિત નથી.

એશિયાટિક સિંહોના અકુદરતી મૃત્યુ અંગે હાઈકોર્ટની બેન્ચ સુઓ મોટુ પીઆઈએલની સુનાવણી કરી રહી છે. ખંડપીઠે બે અકસ્માતોમાં સિંહોના મૃત્યુની તપાસ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને પ્રશ્ન કર્યો હતો કે વિભાગના વડાઓએ તપાસ અહેવાલ કેમ માંગ્યો નથી.

# પ્રિયંકા ગાંધી શનિવારે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે

અમદાવાદ,

ગુજરાતમાં કોંગ્રેસ આ લોકસભાની ચૂંટણીમાં લડી લેવાના મૂડમાં છે. વિધાનસભા સમયે હાઈકમાન્ડમાંથી રાહુલ કે પ્રિયંકાએ ગુજરાત આવવાનું ટાળ્યું હતું પણ ૫ વર્ષ બાદ પ્રિયંકા વલસાડમાં આવી રહ્યાં છે. પ્રિયંકા ગાંધી લાંબા સમય બાદ ગુજરાતમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે. પાર્ટીએ અહીંથી વર્તમાન ધારાસભ્ય અનંત પટેલને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ ભાજપના ધવલ પટેલ સામે ચૂંટણી લડી રહ્યા છે.



કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે ધરમપુરના દરબારગઢ ખાતે વલસાડથી પાર્ટીના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં જાહેર સભાને સંબોધશે. વિધાનસભાની ચૂંટણીમાં અનંત પટેલની ભારત જોડો યાત્રા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રચાર કરવા પહોંચ્યા હતા. હવે પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણીમાં તેમના માટે પ્રચાર કરશે. ભાજપે વલસાડ લોકસભા બેઠક પરથી ધવલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વલસાડ ગુજરાતની તે બેઠકોમાંથી એક છે જેના પર કોંગ્રેસની પક્કડ સારી છે. પ્રિયંકા ગાંધી છેલ્લે માર્ચ ૨૦૧૯માં ગુજરાત પહોંચ્યા હતા. આ પછી તેઓ પ્રથમ CWC મીટિંગમાં હાજરી આપવા આવ્યા હતા.

# ૪ મહિનાના લગ્ન જીવનમાં ખટાસ આવતા પતિએ જ પત્નીની હત્યા કરી!

વલસાડ,

વલસાડ શહેરમાં ૪ મહિનાના લગ્ન જીવન બાદ પતિ-પત્ની વચ્ચે ચાલતા અણબનાવનો કરૂણ અંજામ આવ્યો છે. છૂટાછેડા ન આપતા પતિએ જ પોતાની પતિની હત્યા કરી નાખી છે, ત્યારે પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અનિલ રાઠોડ નામના વ્યક્તિની ઘરમાં તેમની દીકરી જિજ્ઞાનો મૃતદેહ મળી આવતા પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. નાની મોટી મજૂરી કામ કરતાં અનિલભાઈ તેમની પત્ની અને ૨ દીકરી જિજ્ઞા અને અને કાજલ સાથે સુખી જીવન ગાળતા હતા, ત્યારે ૪ મહિના અગાઉ તેમની મોટી દીકરી જિજ્ઞાએ પાલણ ગામના વૈભવ નાયકા સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા. જોકે, વૈભવના પરિવારે જીજ્ઞાને સ્વીકારી ન હતી. જેના કારણે જિજ્ઞા હાલ તેના પિતાના ઘરે રહેતી હતી, અને એક કંપનીમાં નોકરી કરી પિતાને મદદ કરતી હતી. અચાનક બપોરના સમયે પિતા જ્યારે ઘરની બહાર ગયા, ત્યારે દીકરી જિજ્ઞા અને જમાઈ વૈભવ ઘરમાં હાજર હતા. ૨ કલાક બાદ જ્યારે પિતા ઘરે પરત ફરતા જાણવા મળ્યું કે, જીજ્ઞા કઈ બોલતી નથી અને બેભાન હાલતમાં ઘરમાં પડી છે, ત્યારે પરિવાર તાત્કાલિક જિજ્ઞાને કસ્તુરબા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા, જ્યાં કસ્તુરબા હોસ્પિટલના તબીબે તેને મૃત જાહેર કરી હતી. ઘટનાને પગલે વલસાડ સીટી પોલીસે પિતાની ફરિયાદ લઈ તપાસ શરૂ કરી હતી.

# સ્કવોર્ડ દ્વારા ૧૫ કરોડનો દારૂ સહિત કુલ રૂ.૧૨૩ કરોડની ચીજો ઝડપાઈ

ગાંધીનગર,

ગુજરાતમાં ચૂંટણી જાહેર થઈ ત્યારથી માંડીને અત્યાર સુધીમાં કુલ રૂ.૧૨૧.૬૫ કરોડની બેનંબરી ગેરકાયદેસર પ્રતિબંધિત ચીજો પકડાઈ છે. ચૂંટણી ખર્ચ નિયંત્રણ અને દેખરેખ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફલાઈંગ સ્કવોડ તથા ૧,૨૦૩ સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા આ બધી ચીજો પકડાઈ છે, જેમાં દારૂ-નશીલા પદાર્થો, જર-ઝવેરાત, રોકડ રકમ વગેરે સામેલ છે. રાજ્યમાં ૧૬મી માર્ચથી ૨૧મી એપ્રિલ સુધીમાં ચૂંટણી તંત્રની મોબાઈલ એપ સી-વિજિલ ઉપર આચારસંહિતાના ભંગ બાબતની કુલ ૨,૮૩૮ ફરિયાદો મળી છે, નેશનલ ગ્રિવન્સ સર્વિસીસ પોર્ટલ ઉપર મતદાર ઓળખકાર્ડ અંગે



૮,૧૪૨ મતદાર યાદી સંદર્ભે ૭૬૦, મતદાર કાપલી સંદર્ભે ૨૦૦ તથા અન્ય ૧,૯૦૦ મળીને કુલ ૧૧,૦૦૨ ફરિયાદો મળી છે, ઉપરાંત મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતેના કંટ્રોલ રૂમ ઉપર ૧૯૩ ફરિયાદો, મીડિયા મારફતે ૧૮ ફરિયાદો, ટપાલ-ઈ-મેઈલ દ્વારા રાજકીય પક્ષો તરફથી ૩૯, ભારતના ચૂંટણી પંચ મારફતે ૪૫ તથા અન્ય ૪૦૯ મળી ૫૦૮ ફરિયાદો મળી છે. આમ કુલ ૧૪,૫૪૬ ફરિયાદો ચૂંટણી પંચમાં ખડકાઈ છે.


રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે કે, આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨, ૫૬, ૧૬, ૫૪૦ પુરુષ, ૨, ૪૧, ૫૦, ૬૦૩ સ્ત્રી તથા ૧,૫૩૪ ત્રીજી જાતિના મળીને કુલ ૪, ૯૭, ૬૮, ૬૭૭ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ આ ચૂંટણીમાં કરી શકશે. આ તમામ મતદારોને એપિક કાર્ડ યાને મતદાર ઓળખપત્ર આપી દેવાયા છે. આવતીકાલ બુધવારથી રાજ્યના બૂથ લેવલ ઓફિસરો દ્વારા એમને વોટર ઈન્ફર્મેશન સ્લિપનું વિતરણ ઘેર ઘેર ફરીને કરવામાં આવશે.

# હું નિલેશ કુંભાણીને છેલ્લાં શ્વાસ સુધી છોડવાનો નથી : પ્રતાપ દૂધાત

અમદાવાદ,

લોકસભાની ૨૦૨૪ના ત્રીજા તબક્કામાં સાતમી મેએ ગુજરાતમાં મતદાન થવાનું છે જો કે તે પહેલા જ સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થતા ભાજપના ઉમેદવારનો બિનહરીફ રીતે વિજેતા જાહેર થયા હતા. ત્યારબાદથી નિલેશ કુંભાણી ભુર્ગમાં ઉતરી ગયા છે અને હવે તેની ભાજપમાં જોડાવાની પણ ચર્ચા થઈ રહી છે ત્યારે અમરેલી કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે કુંભાણી પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે 'હું નિલેશ કુંભાણીને છેલ્લાં શ્વાસ સુધી છોડવાનો નથી.'

સુરતમાં નિલેશ કુંભાણી ફોર્મ રદ થયા



બાદથી ગાયબ છે અને તેનો હજુ સુધી કોઈ સંપર્ક થયો નથી. ત્યારે કોંગ્રેસના કાર્યકરોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાતે નિલેશ કુંભાણીને ગદ્દાર ગણાવીને કહ્યું હતું કે 'હું છેલ્લાં શ્વાસ સુધી નિલેશ કુંભાણીને છોડવાનો નથી. હવે સુરતમાં કાં તો એ રહેશે કાં તો હું રહીશ. તેણે જ્યાં છુપાવું હોય છુપાઈ જાય. સી.આર.પાટીલના ઘરે જતા રહેવું હોય તો જતા રહે. હું તેનો સ્મશાન સુધી પીછો કરીશ.'

આ સિવાય પ્રતાપ દુધાતે વધુમાં કહ્યું હતું કે 'નિલેશ કુંભાણીએ પીઠમાં ખંજર માર્યું છે અને કુંભાણીના કારણે જ કોંગ્રેસે સુરતની બેઠક ગુમાવી છે.' આ ઉપરાંત અમરેલી કોંગ્રેસ પ્રમુખે નિલેશ કુંભાણીની ભાજપમાં જોડાવાની વાત પર જણાવ્યું હતું કે 'જો નિલેશ કુંભાણી ભાજપમાં જોડાશે તો તેનો (કુંભાણી)નો વિરોધ થશે.

# જૂની અદાવતમાં કુખ્યાત આરીફ કયડા આણી ટોળકીએ મહિલાના ઘરમાં સોડા બોટલના ઘા કર્યા

રાજકોટ:જૂની અદાવતમાં બે જૂથ ફરી ભડકયા હોય અને સામસામે બઘડાતી બોલી હતી અને પોલીસના હાથ ટૂંકા પડ્યા હોય તેમ મુક પ્રેક્ષક બની હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું હતું. ભોમેશ્વરમાં કુખ્યાત આરીફ કયડા આણી ટોળકીએ મહિલાના ઘરમાં સોડા બોટલના ઘા કરી તોડફોડ કરી ધમકી આપતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે ભોમેશ્વર પ્લોટ શેરી નં.૧૨ માં ખોડિયાર ડેરી સામે રહેતાં રસીદાબેન મુનાફભાઇ જુણેજા (ઉ.વ.૪૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આરીફ ઓસમાણ કયડા, રઘુ અને બે અજાણ્યાં શખ્સોના નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે આઈપીસી ૫૦૪, ૫૦૬(૨),૪૨૭,૩૩૬ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પતિ મુનાફ અને પુત્ર મોસીન (ઉ.વ.૨૯), સમીર (ઉ.વ.૨૭) સાથે રહે છે. તેમના દિયર વાસીમભાઇ જુણેજાએ ચારેક મહિના પહેલાં આરીફ કયડા અને મોસીન કયડા વિરુધ્ધ અગાઉ પ્ર.નગર પોલીસ સ્ટેસનમાં મારામારી અંગેની



ફરીયાદ કરેલ હતી. જે કેસ હાલ કોર્ટમાં ચાલુ છે. જે કેસમાં સમાધાન કરવા આરીફ કયડા અવાર નવાર કહેતો હોય પરંતુ તેણીના દિયરે સમાધાન કરેલ ન હતું. જેથી આ મામલે તે કેસમાં વચ્ચે રહી સમાધાન કરાવવા કહેલ હતું. પરંતુ તેણીના દિયરે સમાધાન કરવાની ના પાડેલ હતી.ગઇ તા.૨૨/૦૪/૨૦૨૪ ના રાત્રીના દશેક વાગ્યાની આસપાસ આરીફ કયડાએ પરાબજારમાં જલારામ ભેળવાળા સાથે મારામારી કરેલ હોવાના સમાચાર તેણીના દિયર વાસીમભાઇ જુણેજાને મળતા તેઓ બન્ને પતિ-પત્નીને ડર લાગેલ કે, આ આરીફ કયડા તેઓના ઘરે પણ આવી ઝધડો કરશે તેવા ભયથી દંપતી તેણીના ઘરે આવેલ હતા અને તેણીના ઘરે કોઈ પુરુષ હાજર ન હતા. બાદમાં તેઓ અને તેમની પુત્રવધુ પોતા પોતાના રૂમમાં સુઇ ગયેલ હતા.બાદમાં મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ તેણી

### બદલો લેવા જુણેજા બંધુઓએ આરીફ કયડાના મકાનમાં તોડફોડ કરી રોકડ અને દાગીના ચોરી ગયાં

ઉપરના રૂમમાં સૂતી હતી તે રૂમની બાલ્કનીનો કાચ તુટવાનો અવાજ આવતા તુરંત બારીમાંથી નીચે જોતા આરીફ કયડા અને તેની સાથેના ત્રણ શખ્સો નીચે ઉભેલ હતાં. આરીફ કયડાના હાથમાં ખાલી કાચની સોડાની બોટલ હતી અને તે મોટે મોટેથી ગાળો બોલતો હતો અને કહેતો હતો કે, વાસીમભાઇ જુણેજાએ અમારી ઉપર જે પોલીસ ફરીયાદ કરેલ છે જે કેસમાં તમે સમાધાન કરાવી દ્યો નહીતર કોઇને જીવતા નહી રહેવા દઇ તેમ કહી ચારેય શખ્સો બે બાઇકમાં નાસી છૂટ્યા હતાં.બાદમાં તેઓની ઘરે લગાડેલ સી.સી.ટી.વી કેમેરા જોતા ત્રણ અજાણ્યા શખ્સોમાંથી તેણીના દિયરની બાજુમાં રહેતો રઘુ હોવાનું જોવા મળ્યું હતું. તેમજ આરીફ કાચની સોડા બોટલના ચારેક છુટા ઘા ઘરની ઉપરના રૂમની બાલ્કનીમાં કરતો હોવાનું જોવા મળ્યું હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એન.વી.હરિયાણી અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

આરીફ કયડા અને આણી ટોળકીએ મકાનમાં કરેલ તોડફોડ બાદ બદલો લેવા જુણેજા બંધુઓએ આરીફ કયડાના મકાનમાં તોડફોડ કરી રોકડ અને દાગીના ચોરી ગયાંની ફરીયાદ પ્ર. નગર પોલીસ મથકે નોંધાઈ હતી.બનાવ અંગે જામનગર રોડ પર સ્લમ કવાર્ટરની સામે રહેતા મેરુનબેન ઓસમાણ કયડા (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સમીર મુનાફ જુણેજા તેના ભાઈ મોહસિન, રમીઝ વસીમ જુણેજા, આબીદ જુણેજા, શાહરૂખ જુણેજા અને તેની સાથેના આઠેક અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓની સાથે તેમના પુત્ર આરીફ અને આસીફ પણ રહે છે.આરોપીઓએ ગઈકાલે રાત્રે કાચની બોટલોના છૂટા ઘા કરી ઘરમાં ઘૂસી તોડફોડ કરી આરીફના મકાનમાં સ્થિત કબાટમાં રાખેલા રૂ.૧૭હજાર અને સોનાનો ચેઈન મળી કુલ રૂ.૩૭ હજારની મતા ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગે પ્ર. નગર પોલીસે ગુનો નોંધી નાસી છૂટેલા શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

# ગુજરાતી મચ્છુકઠીયા જ્ઞાતિના પ્રમુખ સેક્રેટરી સામે રૂ.૫ કરોડનો માનહાની દાવો

### મુખ્યદાતાને નીચા દેખાડવા તેમના વિરૂદ્ધની પત્રિકા જ્ઞાતિના અન્ય લોકોને મોકલાઈ હતી

રાજકોટ:સમાજના આગેવાને ધર્માધિકારીની ભૂમિકા નિભાવવાના બદલે લાગતા વળગતાઓને આગળ કરી મુખ્ય દાતાઓને નીચા દેખાડવા પ્રયત્ન કરાતા ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિના પ્રમુખ, સેક્રેટરી સામે મુખ્ય દાતાએ ૫ કરોડનો માનહાનીનો દાવો કરતા ખળભળાટ મચી ગયો છે.આ અંગે વિમલભાઈ ચાવડા દ્વારા જ્ઞાતીના આગેવાનો વિરૂદ્ધ રાજકોટ શહેર પોલીસ રૂબરૂ આઈ.પી.સી.કલમ ૪૦૬, ૪૨૦ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફોજદારી ફરીયાદ નોંધવા ફરિયાદ કરાઈ છે. શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિ રાજકોટ સહયોગ વાડી ૧૫/૬ ભકિતનગર સોસાયટી ધર્મજીવનદાસજી માર્ગ, ઢેબર રોડ, રાજકોટના ટ્રસ્ટી પ્રમુખ સહિતના હોદ્દેદારો તરીકે કાર્યરત આગેવાનો દ્વારા જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં તેમજ નાણાકીય વહિવટમાં મનસ્વી રીતે ચલાવતા હોવા અંગે જ્ઞાતિના સભ્ય અને અગ્રણી દાતા વિમલભાઈ દિલીપભાઈ ચાવડાએ સણસણતો આક્ષેપ કર્યો છે.




તેમણે આ મામલે સમાજના હોદેદારોનું ધ્યાન દોયું હતું. તેમજ આ મામલે લીટીગેશન થયા હતાં. ત્યારે જ્ઞાતિના હોદેદારો દ્વારા કોર્ટમાં જે પ્રકારનું અંડરટેઈકીંગ આપવામાં આવ્યું હતું.એ મુજબનું પાલન થયું નથી.આથી જ્ઞાતિના જાગૃત સભાસદ, સભ્ય દરજ્જે વિમલભાઈ ચાવડાએ ધ્યાન દોરી અંડરટેઈકીંગ મુજબનું પાલન કરવા વિનંતી કરી હતી. પરંતુ અમુક હોદેદારોએ પોતાની રીતે મનઘડંત વાણી, વર્તન, વ્યવહાર, કરતા જ્ઞાતિના જવાબદાર હોદેદાર તથા સભ્ય ધર્મેન્દ્રભાઈ પરમાર(સભ્ય) અને ભરતભાઈ દુદકીયા (પ્રોજેકટ ચેરમેન) વિરૂદ્ધ રાજકોટ સિવિલ કોર્ટમાં વિજ્ઞાનપન થવા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કર્યો હતો.આ દાવા અંગેની નોટિસ સમન્સ જ્ઞાતિના જવાબદાર હોદેદારો અને સભ્યોને બજી જતાં તેઓએ અંડરટેઈકીંગ મુજબ વર્તવાના બદલે સમગ્ર સમાજમાં બદનામી થાય તેવા પ્રયત્નો કર્યા હતા વિમલભાઈએ જ્ઞાતિના પ્રમુખ પરેશભાઈ ચાવડા અને સેક્રેટરી ગૌરવભાઈ ચાવડા વિરૂદ્ધ રૂપિયા પાંચ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરેલ છે.વિમલભાઈ ચાવડાઆએ જ્ઞાતિના હોદેદારો, આગેવાનો વિરૂદ્ધ વિશેષમાં કરેલા આક્ષેપ મુજબ કાર્યક્રમ સામે મૌખિક વિરોધ કરાતા દાવામાં જણાવેલા આરોપીઓ દ્વારા તેઓને બદનામ કરવા તેમના વિરૂદ્ધ લખાણવાળી પત્રિકા પ્રસિદ્ધ કરાવી હતી. બદનામ કરવાના ઈરાદે આવી પત્રિકાઓ જ્ઞાતિના અન્ય સભ્યોને પોસ્ટ મારફત મોકલી સમાજમાં નીચા દેખાડવાનું હિન કાર્ય કર્યાનો આક્ષેપ પણ કર્યો છે. આ કેસમાં વિમલભાઈ ચાવડા વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ ડોડીયા તથા દીવાની દાવામાં પરેશ મારૂ રોકાયેલ છે.

# રાજકોટમાં દારૂ, રોકડ અને દાગીના સહિતના જપ્ત કરાયેલ મુદ્દામાલનો આંકડો ૫.૭૦ કરોડને આંબ્યો

### ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતાના કડક અમલીકરણ માટે પગલા

રાજકોટ:


રાજકોટ શહેર જિલ્લામાં ચૂંટણી આચારસંહિતાનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચુસ્તપણે અમલીકરણ થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે જે અંતર્ગત લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ અત્યાર સુધીમાં દારૂ, રોકડ, સોના-ચાંદીના દાગીના સહિતના જપ્ત કરાયેલ મુદ્દામાલનો આંકડો ૫.૭૦ કરોડને આંબી જવા પામેલ છે. આ અંગે કલેકટર કચેરીના સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં



૮,૬૮૬ લીટર દેશી દારૂ પકડવામાં આવેલ છે જેની કિંમત ૧,૭૩,૩૨૦ થવા જાય છે. જયારે ૨૪.૪૪ લાખનો વિદેશી દારૂના જથ્થાને ઝડપી લેવામાં આવેલ છે. જયારે રાજકોટ શહેરમાંથી ૧.૫૬ લાખની ૭૮૦૫ લીટર દેશી દારૂ તેમજ ૧૯,૭૬,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાંથી અગાઉ ૩૨ લાખની રોકડ સાથે ઈક્રમ ટેકસ વિભાગ દ્વારા એક વેપારીને ઝડપી લેવામાં આવેલ હતા. અત્યાર સુધીમાં જિલ્લામાંથી ધોરાજીમાં ૨.૧૧ લાખ, ગોંડલમાં ૪૧.૩૯ લાખ, જસદણમાં ૫.૧૦ લાખ, જેતપુરમાં ૩૩.૬૨ લાખ, રાજકોટ પૂર્વમાં ૮૫.૧૦ લાખ, દક્ષિણમાં ૬.૫૧ લાખ અને રાજકોટ પશ્ર્ચિમમાંથી ૩.૨૨ કરોડનો મુદ્દામાલ ચૂંટણી પંચ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે.

# રાજકોટમાં પાંચ કલાક બંધ રહેલ મકાનમાંથી રૂા.૭૫ હજારની ચોરી

રાજકોટ:ભારતનગરમાં પાંચ કલાક બંધ રહેલ મકાનમાંથી રૂ.૭૫ હજારના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં થોરાળા પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી તસ્કરને સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી.બનાવ અંગે ભારતનગર સોસાયટી શેરી નં.૪ માં રહેતાં હીનાબેન ઉત્તમભાઈ પટેલ (ઉ.વ ૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ૨૫ વર્ષથી તેના પતિ અને બે સંતાનો સાથે રહે છે. તેઓ માંડાડુંગરમાં આવેલ એન્ટીક મેટલમાં મજુરીકામ કરે છે. કારખાનાનો સમય સવારના સાડા આઠથી સાંજના પાંચ વાગ્યા સુધીનો હોય છે. તેણીના બંને પુત્રો અભ્યાસ કરે છે. ગઇ તા.૧૫/



૦૪/૨૦૨૪ ના તેઓ કારખાને ગયેલ હતી અને બપોરના જમવા ઘરે આવેલ અને બાદમાં તેના બંને પુત્રો સ્કુલે જતા રહેલ અને તે પણ બપોરના ઘરે તાળુ મારી માંડાડુંગર કારખાનામાં કામે જતી રહેલ હતી. તેણી પોતાનો મોબાઈલ ઘરે ચાર્જીંગમાં મુકી કામે ગયેલ હતી. સાંજના કામેથી ઘરે આવતા ઘરનું તાળુ તુટેલ હતુ અને દરવાજો અર્ધ ખુલ્લો હતો. જેથી ઘરમાં જોતા ચાર્જીંગમાં રહેલ મોબાઇલ જોવામાં આવેલ નહી તેમજ મારા ઘરમાં રહેલ કબાટનુ તાળુ ટુટેલ હતું. તેમાં રહેલ રોકડા રૂ. ૬૦ હજાર કબાટના ખાનામાં રાખેલ ચાંદીના સાકળાની જોડ રૂ.૫ હજાર તે કબાટમાં જોવામાં આવેલ નહી, જેથી ઘરમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૭૫ હજારનો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટ્યાની ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસ મથકના પીએસઆઈ જે.એમ.પરમાર અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે ગણતરીની કલાકોમાં એક તસ્કરને સકાંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી.

# પત્તા ટીંચતા ચાર જુગારી ઝડપાયા

રાજકોટ :

શાપર વેરાવળ પોલીસે વ્રજવાટીકા સોસાયટીમાંથી પત્તા ટિંચતા ચાર બાજીગરો પકડી પાડ્યાં હતાં. પોલીસે જુગારધારોનો ગુનો નોંધી ૩૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.બનાવની વિગત મુજબ શાપર વેરાવળ પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન પીએસઆઈ આર.કે.ગોહિલને મળેલ બાતમીના આધારે દરોડો પાડી વ્રજવાટીકા સોસાયટીમાં જાહેરમાં પત્તા ટિંચતા શૈલેષભાઇ દીલીપભાઈ આદ્રોજા (રહે.શાપર વ્રજવાટીકા શેરી નં-૨ તા.કોટડા સાંગાણી), કેતનભાઇ પ્રભાસભાઇ સોડીયા (રહે.રાજકોટ અંબીકા ટાઉનશીપ અક્ષર પ્રાઇમ સી.૫૦૧), પરેશભાઇ પોપટભાઇ વેકરીયા (રહે.રાજકોટ ૧૫૦ ફુટ રીંગ રોડ ફોર્ચુન હોટલ પાછળ સહજાનંદ નગર), ગંભીરસિંહ



ગોવુભા સોલંકી (રહે.રાજકોટ નહેરૂ નગર ૮૦ ફુટ રોડ પુરૂષાર્થ સોસાયટી શેરી નં-૫) ને દબોચી લઈ મુદ્દામાલ રૂ.૩૬,૬૪૦ કબ્જે કર્યા હતાં.આ કામગીરી શાપર પીએસઆઈ આર.કે.ગોહિલ, જી.બી.જાડેજા, હેડ.કોન્સટેબલ તુષારસિંહ જાડેજા, પ્રલાદસિંહ રાઠોડ, મહેન્દ્રભાઈ ધાધલ ,ઉપેન્દ્રસિંહ ગોહિલ, મયુરસિંહ જાડેજા, ખીમજીભાઈ હુણ, કોન્સ્ટેબલ લગધીરસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામસીયા દ્વારા કરવામાં આવી હતી.

# ઈલેક્શન મીટ વિથ ગ્રીટ : જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોષીએ હેઝટેગ અને રીલ મેકિંગ સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કર્યા



રાજકોટ: આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભાની સીટો પર મતદાન થવા જઈ રહ્યું છે. ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 'મતદાન મહાદાન'ના મહામંત્રને સિદ્ધ કરવાના પ્રયત્નો કરાઈ રહ્યાં છે. જેના ભાગરૂપે યુવા મતદારોને મતદાન માટે આકર્ષવાના હેતુસર નવતર અભિગમરૂપે "વોટ જંકશન - આઇકોનસ, પાર્ટનર્સ એન્ડ સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર્સ મીટ વીથ કલેકટર" ની થીમ આધારિત હેઝટેગ મેકિંગ સ્પર્ધા અને રીલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીની અધ્યક્ષતામાં 'ઇલેક્શન મીટ વિથ ગ્રીટ' પ્રોગ્રામ યોજાયો હતો.

કલેક્ટરશ્રી પ્રભવ જોષીએ સાત સંદેશાઓ આપ્યા હતા, જેમાં મતદાનના દિવસે બાર અલગ અલગ દસ્તાવેજો લઈ જવાશે. તેમજ તા.૨૫ એપ્રિલથી હોમ વોટિંગ એટલે કે પોસ્ટલ બેલેટથી મતદાન શરૂ કરવામાં આવશે. તેમજ મહિલા,યુવા અને દિવ્યાંગ કર્મયોગી દ્વારા બુથ સંચાલન કરવામાં આવશે. અને બુથ પર વિવિધ થીમનો ઉપયોગ કરવામાં આવશે. વધુમાં કલેક્ટરશ્રીએ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્ઝર્સની સાથે વધુને વધુ મતદાન થઈ શકે તે માટેના સૂચનો આવકાર્યા હતા.અને પ્રથમ વખત મતદાન કરતા યુવા મતદાતાઓ મતદાન કરીને સોશિયલ મીડિયા પર પોતાને મળેલા અનુભવો લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

રાજકોટ સંસદીય મત વિસ્તારમાં ચૂંટણી મતદાન જાગૃતિ અર્થે સ્વીપ પ્રોગ્રામ અને સોશિયલ મીડિયા કેમ્પેઈન અંતર્ગત આયોજિત આ સ્પર્ધાઓમાં કુલ ૧૦૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હેઝટેગ મેકિંગ સ્પર્ધામાં ૮૨ સ્પર્ધકોમાંથી ૩ તેમજ રીલ મેકિંગ સ્પર્ધામાં કુલ ૨૫ સ્પર્ધકોમાંથી ૩ અને ૧ પ્રોત્સાહક ઈનામ મળી કુલ ૭ સ્પર્ધકોને મોમેન્ટો અને સર્ટિફીકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વિજેતાઓમાં યુવા પ્રતિભાઓશ્રી રિધ્ધિબેન ત્રિવેદી, આર.જે. હીરવા, કપલ શિવાની શુક્લા અને જય શુક્લા, છ.શા. વિરાણી મૂક અને બધિર શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ઈનામ વિતરણ સાથે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સની મીટીંગ પણ યોજાઇ હતી. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી એ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ પાસેથી મતદાન જાગૃતિ ઝુંબેશ માટેના મંતવ્યો જાણીને તેના વિશે ચર્ચા કરી હતી. તેમજ વન ટુ વન ઈન્ટરએક્શન કરીને ઈન્ફ્લુએન્સર્સને પોસ્ટ, સ્ટોરી, રીલ બનાવીને સોશિયલ મીડિયા પર અપલોડ કરવા સૂચનો આપ્યા હતા.

આ કાર્યક્રમમાં 'દસ મિનિટ દેશ માટે, દસ મિનિટ લોકશાહી માટે' ટંગ ટવીસ્ટર ગેમ અને ઈલેકશનની મીની ક્વિઝ રમાડવામાં આવી હતી. આ તકે દિવ્યાંગ બાળકો દ્વારા વોટિંગ અવેરનેસ ફ્લેગથી મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું. મીડીયા કમિટીના મોડલ ઓફિસરશ્રી સોનલ બેન જોષીપુરા સહિતના અધિકારીઓએ નિર્ણાયકો તરીકે સેવાઓ આપી હતી. કાર્યક્રમનું સંચાલન આઇ.સી.ટી. ઓફિસરશ્રી નમ્રતાબેન નથવાણી અને આર.જે. હીરવાએ કર્યું હતું.

આ કાર્યક્રમમાં સ્વીપના નોડલ ઓફિસર જીજ્ઞાસા ગઢવી, સોશિયલ મીડિયા કમિટીના નોડલ ઓફિસરશ્રી મનોજ વર્મા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, ડિસ્ટ્રિક્ટ ઈન્ફોમેટીકસ ઓફિસરશ્રી પલ્લવ કેંડુરકર, નાયબ મામલતદાર શ્રી પ્રીતિ વ્યાસ, રેડિયો એફ.એમ.૮૯.૬ સ્ટેશનના ડિરેક્ટરશ્રી સંજય મહેતા તથા સોશિયલ મીડિયાના ઈન્ફ્લુએન્સર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દીકરાને ફોન કરતી યુવતીને સમજાવવા જતા બે શખ્સોએ લાલજીભાઈને છરી ઝીંકી દીધી

રાજકોટ:

પરણિત દીકરાને ફોન કરતી યુવતીને સમજાવવા જતા બે શખ્સોએ લાલજીભાઈ સોલંકીને છરી ઝીંકી દીધી હતી. આ શખ્સો યુવતીના ભાઈ હોય, તેની સાથે બોલાચાલી થતા મામલો બીચકયો હતો અને પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.બનાવની વિગત અનુસાર પી.ડી. માલવિયા ફાટક પાસે ઝૂંપપટ્ટીમાં રહેતાં લાલજીભાઈ તુલસીભાઈ સોલંકી (ઉ.વ.૫૦) નામનાં પ્રૌઢ ગઈ કાલ બપોરના લક્ષ્મીનગર પાસે હતાં ત્યારે બે શખ્સોએ છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયા હતા. બાદ પ્રૌઢને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. લાલજીભાઈને સંતાનમાં ત્રણ પુત્ર અને એક દિકરી છે. જેમાંથી તેનો પુત્ર ભાવેશ પરણિત છે.જેની સાથે લક્ષ્મીનગર પાસે ઝૂંપડપટ્ટીમાં રહેતી યુવતી ભાવેશને ફોન કરતી હતી. જેથી લાલજીભાઈ યુવતીના પરિવારજનો પાસે જઈને તેના પુત્રને ફોન ન કરવા કહ્યું ત્યારે યુવતીના બંને ભાઈ ઉશ્કેરાઈ જઈને પ્રૌઢને છરી વડે માર માર્યો હતો. બાદ પ્રૌઢને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા ઝેરી દવા પી આત્મહત્યા કરી

શહેરમાં શાસ્ત્રીનગરમાં રહેતાં ગીરવંતભાઈ ડોડીયાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું. પતિ-પત્ની વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયેલ. જેનું લાગી આવતાં આ પગલુ ભર્યાનું તારણ પોલીસે જણાવ્યું હતું.બનાવની વિગત અનુસાર



ગીરવંતભાઈ હીરાભાઈ ડોડીયા (ઉ.વ.૪૦ રહે- રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગર) નામનાં યુવકે ઉંદર મારવાની દવા પી જીવન ટુંકાવ્યું હતું. આ અંગે પોલીસે જણાવ્યું કે, મૃતકની તેની પત્ની સાથે ઝગડા થતા હતા. બાદ પતિ-પત્ની અલગ રહેતાં હતાં. મૃતક હાલ એકલવાયું જીવન જીવતા હતા. પતિ- પત્ની વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયેલ જેનું લાગી આવતાં યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

# સર્વિસ લાઈન અડકી જતા વીજ કરંટથી ૧૨ વર્ષનો બાળક દાઝી ગયો

રાજકોટ:માંડાડુંગર વિસ્તારમાં વીજ કરંટથી ૧૨ વર્ષનો બાળક દાઝી ગયો હતો. મિત્ર સાથે ધાબા પર રમતો હતો ત્યારે વીજ પોલની સર્વિસ લાઈન અડકી જતા બનાવ બન્યો હતો. તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે.સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ દિપક મહેશભાઈ જાદવ (ઉ.વ.૧૨, રહે. પીઠડાઈ સોસા. શેરી નં.૧, માંડાડુંગર) આજે સવારે દસેક વાગ્યા આસપાસ તેના મિત્રના ઘરે મેળી પર હતો ત્યારે ત્યાં રમતા રમતા વીજ વાયરને અડકી જતા તેને કરંટ લાગ્યો હતો. તે દાઝી જતા દેકારો થતા લોકો દોડી આવ્યા હતા. ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. પરિવારજનોએ કહ્યું કે, દિપક છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે. આજે તેનું સામાજિક વિજ્ઞાનનું પેપર હતું. જેથી મિત્રને બોલાવવા તેના ઘરે ગયો હતો. પણ ત્યાં મિત્ર જોડે પકડાપટ્ટી રમવા લાગતા વીજ થાંભલાના વાયરને અડી ગયો હતો. દિપક ૩ ભાઈમાં મોટો છે.



તેના પિતા મજૂરી કરે છે. હાલ દિપક સારવાર હેઠળ છે.

# યાર્ડના વેપારી સાથે ૧૭ લાખની છેતરપીંડી આચરનાર કનુ પટેલ ઝડપાયો

રાજકોટ:માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ૧૭ લાખની છેતરપીંડી આચરનાર છ વર્ષથી ફરાર મૂળ પાટણના કનુ પટેલને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં શરીર સબંધી તેમજ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા માટે અને અનડીટેક્ટ ગુનાઓ ડિટેકટ કરી આગામી લોકસભા ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીને પકડી પાડવા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની



સૂચનાના પગલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ ડી.સી. સાકરીયા અને ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઇ રણજીતસિંહ પઢીયાર, પો. હેડ. કોન્સ. હરદેવસિંહ રાઠોડ, સંજયભાઈ દાફડા, વિજયરાજ સિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, કુવાડવા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૮ માં જીરા અને ચણાની રૂ.૧૭.૬૬ લાખની ખરીદી કરી માલ બરોબર વેંચી નાંખી પૈસા ન ચૂકવી છેતરપીંડી કરનાર કનુ ડાયાભાઇ પટેલ (ઉ.વ.૫૪,રહે-મોરબી પીપળી રોડ, કારખાનામા)ને ઝડપી પાડી કુવાડવા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તમંચા સાથે કુખ્યાત સલીમ જુણેજા ઝડપાયો

રાજકોટ:અમુલ સર્કલ નજીક આઇટીઆઇ કોલેજ પાસેથી દેશી તમંચા સાથે કુખ્યાત સલીમ જુણેજાને એસઓજીની ટીમે દબોચી પુછતાછ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ એસઓજી પી.આઇ. જે.એમ.કૈલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ ઝાલાને અમુલ સર્કલથી આજી ડેમ ચોકડી તરફ આઇટીઆઇ કોલેજની સામે આનંદ નાસ્તા હાઉસ લારી પાસે ગેરકાયદેસર હથિયાર સાથે એક શખ્સ ઉભો હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી સમીર ઉર્ફે સલીમ ઉર્ફે સલીયો આમદ જુણેજા (ઉ.વ.૨૩, રહે. આનંદનગર મેઇન રોડ, બ્લોક નં. એલ-૬, નિલકંઠ સિનેમા સામે, કોઠારીયા રોડ)ને પકડી તેની તપાસ કરતા તેની પાસેથી એક દેશી બનાવટનો તમંચો મળી આવતા સમીર ઉર્ફે સલીમની એસઓજીની ટીમે ધરપકડ કરી રૂા. પાંચ હજારનો તમંચો કબ્જે કર્યો હતો. એસઓજીની ટીમે સમીર તમંચો કયાંથી લાવ્યો અને કોઇ ઉપયોગમાં લેવાનો હતો કે કોઇને સપ્લાય કરવાનો હતો. તે અંગેની પુછતાછ કરવા રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી સમીર ઉર્ફે સલીમ વિરૂધ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, ઘરફોડ ચોરી, મનીલેન્ડ સહિતના ૯ ગુના નોંધાયેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ઇઝરાયલ-ગાઝા લડાઈમાં યુદ્ધવિરામ ક્યારે?

ઘણા લાંબા સમયથી ઇઝરાયેલ અને ગાઝાં વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે બંને પક્ષે ખુવારી થઈ રહી છે. આ યુદ્ધમાં સૌથી વધુ જો કોઈને નુકસાન થયું હોય તો ત્યાંના નિર્દોષ નાગરિકો અને બાળકોને થયું છે હજારો લોકો મૃત્યુ પામ્યા છે હજારો બાળકો નિરાધાર બન્યા છે લોકો પાસે જીવન નિર્વાહના હવે કોઈ સાધનો રહ્યા નથી આ એક માનવીય પ્રશ્ન છે ત્યારે વિશ્વ સમુદાયને લાગે છે કે આ યુદ્ધ હવે અટકે તો સારું.

ઇઝરાયલ-ગાઝા યુદ્ધમાં યુદ્ધવિરામની વાટાઘાટો અટકી પડી છે ત્યારે કોઈ સમજૂતી પર પહોંચવાનો પ્રયાસ કરી રહેલા ઇઝરાયલ અને હમાસ કયા અવરોધોનો સામનો કરી રહ્યા છે?

તાજેતરની દરખાસ્ત અમેરિકાએ રજૂ કરી હતી અને સીઆઈએના ડિરેક્ટર વિલિયમ બર્ન્સ તેની વિગતની રૂપરેખા આપવા એપ્રિલની શરૂઆતમાં કૈરો ગયા હતા, પરંતુ ઇઝરાયલ અને હમાસ બન્નેને, છ સપ્તાહના "અસ્થાયી યુદ્ધવિરામ" સહિતની યોજના સામે વાંધો છે. હમાસના લડવૈયાઓ ગાઝાની સરહદ પાર કરીને ઇઝરાયલમાં ઘૂસ્યા હતા. ઇઝરાયલના આંકડા અનુસાર, તેમણે લગભગ ૧,૨૦૦ લોકોની હત્યા કરી હતી અને ૨૫૩ લોકોને બંધક બનાવ્યા હતા. એ ઘટનાના છ મહિના પછી વાટાઘાટો આવી પડી છે. એ પછી ગાઝામાં 33,000થી વધુ લોકો માર્યા ગયા હોવાનું હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલય જણાવે છે, જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘના અંદાજ મુજબ, ૧૭ લાખ પેલેસ્ટિનિયન લોકોએ તેમના ઘર છોડીને ભાગવું પડ્યું છે. તેમાં અડધોઅડધ બાળકો છે.

અમેરિકાના પ્રસ્તાવમાં ઇઝરાયલને ગાઝા પટ્ટીમાં બંધક ૪૦ લોકોને છોડાવવાના બદલામાં ૯૦૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવાની વિનંતી કરવામાં આવી હતી. તે ૯૦૦માં આજીવન કેદની સજા ભોગવતા ૧૦૦ કેદીઓનો સમાવેશ થાય છે.

ઇઝરાયલ અને હમાસે પ્રસ્તુત દરખાસ્ત બાબતે ઉઠાવેલા કેટલાક મહત્ત્વના મુદ્દાની વાત અહીં કરવામાં આવી છે. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસની માગણીને "ભ્રમણાયુક્ત" ગણાવી હતી અને કહ્યું હતું કે ઇઝરાયલ "સંપૂર્ણ વિજય" પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી ગાઝામાં લડત ચાલુ રાખશે.

નેતન્યાહૂએ એમ પણ જણાવ્યું હતું કે ઇઝરાયલ દક્ષિણના શહેર રફાહમાં પ્રવેશ કરશે ત્યારે જ વિજય થશે. રફાહ હમાસનો છેલ્લો ગઢ છે. લગભગ ૧૫ લાખ વિસ્થાપિત પેલેસ્ટિનિયનોએ ત્યાં આશરો લઈ રહ્યા છે. જોકે, નેતન્યાહૂ રફાહ પરના વ્યાપક આક્રમણને મુલતવી રાખવાની વિચારણા કરી રહ્યા છે. અમેરિકાના પ્રસ્તાવ મુજબ, હમાસે બાકીના ૪૦ બંધકોને મુક્ત કરવા જોઈએ. તે અગાઉ સ્વીકાર્યા મુજબ, "જીવંત તથા મૃત" હોવાને બદલે "જીવંત" હોવા જોઈએ. તેમને ઇઝરાયલની જેલમાં બંધ ૯૦૦ કેદીઓની મુક્તિના બદલામાં મુક્ત કરવામાં આવશે

શરત અનુસાર, ૪૦ બંધકોની મુક્તિ જરૂરી છે, પરંતુ હમાસ પાસે ૪૦ જીવંત બંધકો ન હોય તેવી શક્યતા છે. તે માનવતાવાદી કારણો પર આધારિત છે અને તેમાં સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ ધરાવતી મહિલાઓ, મહિલા સૈનિકો, ૫૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષો તથા ૫૦ વર્ષથી ઓછી વયના પુરુષોનો સમાવેશ થાય છે.

# 'બા'ની રેસિપી એટલે પ્રકૃતિ તરફ વળવાની શરૂઆત

**અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ**

મારા બા ની ઉંમર ૮૩ વર્ષની છે. એક પણ દવાની જરૂરત નથી પડતી. બે ચાર કિલોમીટર ચાલી નાખે. કામવાળી ન આવે તો લાચારી ન કરે, એમ કહે આપણે સફાઈ કરી નાખશું એમાં શું ? અમારે કહેવું પડે બા હવે આરામ કરો બધું થઈ જશે. પરંતુ એમનો સ્પિરિટ એવો કે ઘરમાં કોઈ ઢીલી વાત કરે તો મોટીવેશનલ સ્પીકર મોળા પડી જાય. તેઓ ક્યારેય બહારનું કંઈ પણ ખાય પીએ નહિ. ઠંડા પીણા, બ્રેડ કે આધુનિક ફૂડ ક્યારેય ખાય નહિ. ઘરમાં કોઈ પેકડ ફૂડ લાવીએ એટલે એમ કહે આ શું પડીકાઓની વસ્તુઓ ખાવ છો. એ કંઈ તમારા સગા નથી, બધા જ રળવા બેઠા છે. જે બનાવવું હોય એ ઘરે બનાવો. બાળકો નાના હોય અને દૂધ ન ભાવે એટલે ક્યારેક બોર્નવિટા કે બુસ્ટ લાવીએ ત્યારે પણ એ કહેતા કે આમાં શું મળે ? કઈક પૌષ્ટિક ખવડાવો.

આ બધું અહીં લખવાનું કારણ શું ? હમણાં જ આ બોર્નવિટા, હોર્લિક્સ, બુસ્ટ, અમુલ પ્રો જેવા પીણાને સેન્ટ્રલ ગર્વન્મેન્ટે હેલ્થ કેટેગરી માંથી હટાવી લેવાનું જણાવ્યુ. આપણે એમેજોન કે ફ્લિપ કાર્ટ માં સર્ચ કરીએ એટલે આ પીણાં હેલ્થ કેટેગરીમાં આવે. કોરોના પછી બોર્નવિટા એ તેની બોટલ પર ઇમ્યુનિટી બુસ્ટર કરીને જાહેરાત શરૂ કરી. આથી એક યુ ટ્યુબરે તે વાતને ઉઘાડી પાડી કે કોરોના પહેલાની અને પછીની બોટલમાં ઇ ગ્રેડિયન્સમાં કોઈ જ ફેરફાર નથી અને ઇમ્યુનિટી બુસ્ટર આવું લખીને સમયની માંગ મુજબ લોકોની લાગણીઓને એન કેશ કરી લીધી. આ પછી સરકાર જાગી અને ઊંડી ઉતરી કે આ બધા પીણા ખરેખર હેલ્ધી ડ્રિંક્સ છે કે નહીં ? . અને ખબર પડીકે આ કોઈ હેલ્થ પીણા તો છે જ નહીં. આ પીણામાં દરેક ૧૦૦ ગ્રામેં ૩૭ગ્રામ તો ફક્ત ખાંડ હોય છે અને બાકીના ઇંગરેડિયન્સમાં ઘઉંનું થુલું, બાજરાનું થુલું, કોકો ફ્લેવર હોય છે. હિન્દીમાં જેને સતતુ કહીએ છીએ તેમાં આ કોકો અને તેની ફ્લેવર ઉંમેરીને આપણને ૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયાના ભાવે વહેંચે છે. ઉૐની ગાઈડલાઈન બહાર પડયા બાદ આ ખાંડનું પ્રમાણ ઘટાડીને ૩૨% કરવામાં આવે છે.

આ બધામાં પાછા સચિન જેવા આવીને એમ કહે કે બુસ્ટ ઇઝ ધ સિક્રેટ ઓફ માય એનર્જી. સાચી વાત છે એમની પૈસાની એનર્જી પાછળનું સિક્રેટ એટલે આવી જાહેરાતો જ હોય છે. હમણાં સુપ્રીમ કોર્ટ પતંજલિ અને રામદેવ બાબાની પાછળ ભ્રામક જાહેરાત માટે પડી ગઈ છે. એ નવાઈ લાગે છે, કેમ કે ઘણી બધી જાહેરાતો આપણે જોઈએ છીએ કે જે ભ્રામક જ હોય છે. કોસ્મેટિક, ઇલેક્ટ્રોનિક્સ, ફૂડ આવી અનેક જાહેરાતો આપણને ઉલ્લુ બનાવવા જ હોય છે. આમ છતાં બાબા સુપ્રીમ કોર્ટની ઝપટે ચડી ગયા.એમાં પણ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અમાનુલ્લાએ તો એટલે સુધી બોલી ગયા કે અમે તમારા ટુકડે ટુકડા કરી નાખશું - We will rip you a part. બાબાની ભ્રામક જાહેરાતો હોય તો ચોક્કસ કાર્યવાહી થવી જ જોઈએ પણ આ વાત અન્ય પ્રોડક્ટ માટે પણ એટલી જ લાગુ પડવી જોઈએ.

મૂળવાત એ છે કે આપણે પ્રકૃતિ તરફ પાછા વળીએ. હમણાં જ અમેરિકાનો પ્રતિષ્ઠિત મીંચેલીન એવોર્ડ ઇન્ડિયન શેફ વિજયકુમારને મળ્યો. આ વિજયકુમારની રેસ્ટોરેન્ટ સીમા( જેનો તમિલ અર્થ અદભુત થાય છે) તેમણે તેની રેસ્ટોરેન્ટમાં ઢોસા બનાવીને લોકોને પીરસવાનું શરૂ કર્યું . ઢોસા બનાવવા એ તો સામાન્ય વાત છે એમાં વિશેષ શું ? પરંતુ તેની રેસિપી તેના દાદી જે રીતે તેના ગામડામાં બનાવતા એ રીતે બનાવવાનું શરૂ કરેલું. વિજયકુમારના કહેવા મુજબ સામાન્ય રીતે બધા સાંભાર બનાવે તો તૈયાર મસાલા પેકેટ વાપરે છે. જ્યારે વિજયકુમારે જે રીતે તેના દાદી ઘરે રહીને જાતે સાંભાર મસાલાને દળી, લઢી ને મિક્સ કરે એ પદ્ધતિએ બનાવવાનું શરૂ કર્યું. જે સ્વાદ લોકોને એટલો પસંદ પડ્યો કે આજે તેની રેસ્ટોરેન્ટ ન્યુયોર્કની ટોપ ટેન રેસ્ટોરેન્ટમાં લીસ્ટેડ થઈ ગઈ છે.

આપણે જે દાદીને કે બાને જુનવાણી ગણીને અવગણીએ છીએ એ જ બાની રેસિપિ જો તેમના મૂળ અર્થમાં પ્રાકૃતિક રીતે જ તૈયાર કરવામાં આવે તો તે સ્વાદની મજા ઇન્ડિયા હોય કે અમેરિકા બધે જ સફળતા મેળવે જ. લોકોને હવે આ આધુનિકતા કરતા પ્રકૃતિ તરફની દોટ ગમતી જાય છે. આજે જે ૮૦-૯૦ની આસપાસના દાદીઓ જે ઘરમાં છે એ લોકોએ આમની પાસેથી આવી વાતો શીખી લેવી જરૂરી છે એમની અથાણાં બનાવવાની રીત, જૂની વાનગીઓ જેમકે ઓરમું,લાપસી,બર્ફીચુરમું, લાડવા, દૂધપાક જેવી વાનગીઓ બનાવવાની એમની આગવી રીત. આજો શીખી હશે તો જ આગળની પેઢીને આ લાભ મળશે.જો આ વાતો નહિ શીખવામાં આવે તો આ કળા આ વાનગીઓ લુપ્ત થઈ જશે.

# ડ્રેગનની અર્થતંત્રને બચાવવા નવી ફોર્મ્યુલા

**કરંટ ટોપિક**

## ચીન જૂની કાર, ફ્રિજ અને વોશિંગ મશીન કેમ શોધી રહ્યું છે



કોરોના ફાટી નીકળ્યા બાદ ચીનની અર્થવ્યવસ્થા અનેક સંકટોથી ઘેરાયેલી છે. આમાં રિયલ એસ્ટેટથી લઈને બેંકિંગ કટોકટી સુધીની દરેક બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ચીન જીડીપીના આંકડા રાહતના હતા. ચીનની અર્થવ્યવસ્થા ૫.૩ ટકાના દરે વૃદ્ધિ પામી છે અને આ આંકડો ઘણા સંકટનો સામનો કરી રહેલા ચીન માટે વધુ સારો છે અને તમામ અનુમાનો કરતાં વધુ છે. ઔદ્યોગિક ઉત્પાદને આમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને છૂટક વેચાણમાં પણ જબરદસ્ત વધારો જોવા મળ્યો હતો. ચીનમાં છૂટક વેચાણ ૪.૭ ટકાના વાર્ષિક દરે વધ્યું છે.

હવે ચીને અર્થવ્યવસ્થાની ગતિને એ જ ગતિએ જાળવી રાખવા માટે એક યોજના બનાવી છે અને આ માટે તે જૂની કાર, જૂના રેફ્રિજરેટર અને જૂના વોશિંગ મશીન શોધવામાં વ્યસ્ત છે.

ચીન વાસ્તવમાં પોતાની પડી રહેલી અર્થવ્યવસ્થાને બચાવવા અને તેને વેગ આપવા માટે નવી ફોર્મ્યુલા પર ભાર આપી રહ્યું છે. આ હેઠળ, ડ્રેગન હવે ઔદ્યોગિક અને ઘરેલું સાધનોના દેશના સ્ટોકને અપગ્રેડ કરવા, પ્રદૂષિત જૂની કાર, મશીનો અને માલસામાનને પાછા લેવા, ઉપભોક્તા ખર્ચમાં વધારો કરવા તેમજ તેની અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ટ્રેડ-ઇન સ્કીમ પર આધાર રાખે છે. ઉપયોગમાં લેવાતા સાધનોને અપગ્રેડ કરવાથી કન્ઝ્યુમર ગુડ્સ ટ્રેડ-ઇન પ્રોગ્રામમાં ભાગ લેતી કંપનીઓને મજબૂત ધિરાણ મળશે, સ્થાનિક માંગને વધારવા માટે ચીન નવો પ્રયાસ કરી રહી છે.

અર્થતંત્રને પુનર્જીવિત કરવા ચાર મહિના પહેલા રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ્વારા ટ્રેડ-ઇન સ્કીમ આગળ મૂકવામાં આવી હતી. તેનો હેતુ ઘરો અને વ્યવસાયોને તેમની જૂની મશીનરીને અપગ્રેડ કરવામાં મદદ કરવા પ્રોત્સાહિત કરવાનો છે. ચીન માને છે કે પ્રોત્સાહક યોજનાઓ અને લોકોને સ્વચ્છ ટેકનોલોજી અપનાવવા પ્રોત્સાહિત કરવાથી અર્થતંત્રને વેગ મળશે. ખાનગી રિપોર્ટના અહેવાલ મુજબ, ટ્રેડ-ઇન્સમાં વૃદ્ધિને વેગ આપવાની ક્ષમતા છે.


હવે સવાલ એ છે કે ચીન આ જૂની કાર, વોશિંગ મશીન અને રેફ્રિજરેટર્સ પર આટલું ધ્યાન કેમ આપી રહ્યું છે અને ડ્રેગનની ટ્રેડ-ઇન સ્કીમ કેવી રીતે કામ કરશે? તો રિપોર્ટ અનુસાર ચીન માને છે કે ઈક્વિપમેન્ટ અપગ્રેડ કરવાથી દેશમાં ઉપભોક્તા ખર્ચ વધારવામાં મદદ મળશે. આમાં પેટ્રોકેમિકલ્સ અને સ્ટીલ જેવા ભારે ઉદ્યોગોથી માંડીને એપાર્ટમેન્ટ બિલ્ડીંગમાં નવી લિફ્ટ સ્થાપિત કરવા, ગ્રાહકોને તેમના જૂના વોશિંગ મશીનોને સ્ક્રેપ કરવા અને ઓછા પાણીનો ઉપયોગ કરતા નવા વોશિંગ મશીન ખરીદવા માટે પ્રોત્સાહિત કરવા સુધીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ચીનની ટ્રેડ-ઇન સ્કીમ હેઠળ નવા ઇલેક્ટ્રિક વાહનો (ઈફ) અથવા અન્ય ઊર્જા બચત કાર ખરીદનારા ગ્રાહકોને સબસિડી ઓફર કરવાનો પ્રસ્તાવ પણ છે. અર્થવ્યવસ્થાને બચાવવા માટે આ ડ્રેગન ફોર્મ્યુલા હેઠળ, પ્રાદેશિક સરકારો સાધનોના અપગ્રેડેશનનો સંપૂર્ણ બોજ ઉઠાવશે. આ ઉપરાંત તેનાથી સંબંધિત ઉદ્યોગોને રાહત દરે સબસિડી, ટેક્સમાં છૂટ અને લોનની સુવિધા પણ આપવામાં આવશે.

બ્લૂમબર્ગના અહેવાલમાં નિષ્ણાતોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ટ્રેડ-ઇન સ્કીમ માત્ર ચીની ખરીદદારોને મદદ કરીને આ ચિંતાને દૂર કરશે નહીં, પરંતુ આ યોજના દેશની રિસાયક્લિંગ મહત્વાકાંક્ષાઓને વેગ આપવા અને ચીની વ્યવસાયોને વિદેશી બજારોમાં વિસ્તરણ કરવામાં મદદ કરશે , ખાસ કરીને ઉચ્ચ પર્યાવરણીય ધોરણો ધરાવતા વિસ્તારોમાં.

નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મ કમિશનના ડેપ્યુટી હેડ ઝાઓ ચેનક્સિને તાજેતરમાં એક કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ટ્રેડ-ઇન સ્કીમ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ચીન ૨૦૨૩ અને ૨૦૨૭ વચ્ચે અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાં સાધનસામગ્રીના રોકાણને ૨૫ ટકા વધારવાનું લક્ષ્ય રાખે છે, તેમજ વપરાયેલી કાર અને ઘરગથ્થુ ઉપકરણોના રિસાયક્લિંગને ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ એક વ્યૂહાત્મક પગલું છે જેના ફાયદા ટૂંકા અને લાંબા ગાળામાં જોવા મળશે.

# ઈઝરાયલ અને ઈરાન સંઘર્ષ :ભારત માટે મોટી સમસ્યા





## ઈરાન ઇઝરાઇલ અને અમેરિકા સાથે મોટા સંઘર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે બંને દેશો વચ્ચે ભયાનક યુદ્ધના અણસાર ભારત માટે આર્થિક સંકટ લઈને આવે તેવી શક્યતા છે

**આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ**

ઇઝરાઇલ અને ઈરાન ગત સપ્તાહે સામસામ આવી ગયા બંને વચ્ચે લાંબા સમયથી દુશ્મની જ છે તેઓ એકબીજાનો ખાતમો બોલાવી દેવા માટેના નિવેદનો અવારનવાર કરે છે પરંતુ તેનો અમલ કરતા નથી પણ ગત સપ્તાહે બનેલી ઘટના વધુ ગંભીર હતી જેમાં ઇઝરાયલ એ અનેક મિસાઈલો નો ઈરાન પર હુમલો કરતા પરિસ્થિતિ વણસી છે

બે અઠવાડિયા પહેલા ઈઝરાયલે સીરિયાના દમાસ્કસમાં ઈરાનના કોન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. પછી ઈરાને વળતો પ્રહાર કર્યો છે. ઈઝરાયલ પર લગભગ ૩૦૦ મિસાઈલ અને ડ્રોન છોડવામાં આવ્યા હતા. ઈઝરાયલને થયેલું નુકસાન ઓછું હતું, પરંતુ સંદેશ સ્પષ્ટ હતો - ઈરાન આવી ક્રિયાઓને શાંતિથી સહન કરશે નહીં. પરંતુ આ ખરેખર અભૂતપૂર્વ ઘટના હતી. ઈરાને ભૂતકાળમાં ક્યારેય ઈઝરાયલની સીમા પર સીધો હુમલો કર્યો નથી. આવી સ્થિતિમાં સવાલ એ છે કે, આગળ શું થશે?

આ ઘટના સામાન્ય ગણી શકાય નહીં કારણકે આ એક ચિનગારી ભયાનક યુદ્ધનું પણ રૂપ લઈ શકે છેઆ બંને દેશો સાથે ભારતને મૈત્રી પૂર્ણ સંબંધો છે અને બંને દેશો સાથે ભારતના આર્થિક અને વ્યાપારી હિતો સંકળાયેલા હોવાથી ભારત માટે આ સમસ્યા માથાના દુખાવા રૂપ બની શકે તેમ છે કારણ કે આમાં તથા રહેવું મુશ્કેલ બાબત છે બે બે માંથી કોઈ એકનો પક્ષ લેવામાં આવે તો ભારતને નુકસાન થઈ શકે તેમ છે કારણ કે તે દેશો સાથે ભારતના આર્થિક હીતો સંકળાયેલા છે

ભારત માત્ર એવી આશા રાખી શકે કે બંને દેશોએ શાંતિપૂર્વક નિર્ણય લેવા જોઈએ તેનું કારણ એ છે કે, આ વખતે ભારત માટે ધર્મશંકર જેવી સ્થિતિ સર્જાણી છે

ઈઝરાયલ અને ઈરાન બંને તેના મહત્ત્વના સાથી છે. ભારત બંને દેશોમાં આર્થિક અને રાજકીય રોકાણ ધરાવે છે. તેથી, કોઈપણ એક પક્ષને પસંદ કરવો લગભગ અશક્ય છે અને તે નવી દિલ્હીથી જારી કરાયેલા નિવેદનોમાં પણ પ્રતિબિંબિત થાય છે. કોઈ આક્ષેપો નથી, કોઈ ટીકા નથી અને કોઈ પક્ષપાત નથી. ભારત બંને દેશોને તણાવ ઓછો કરવા કહી રહ્યું છે. કારણ કે જો આ સંઘર્ષ વધશે તો ભારતે કેટલીક મુશ્કેલ વિકલ્પોનો સામનો કરવો પડશે.


ભારત માટે પ્રથમ પરિબળ વેપાર હશે. ભારત-ઈઝરાયલ વેપાર લગભગ ૭.૫ અબજ ડોલરનો છે. જ્યારે ઈરાન સાથે ભારતનો વેપાર લગભગ ૨.૫ અબજ ડોલર છે. પરંતુ એક મહત્ત્વપૂર્ણ તફાવત છે. પશ્ચિમી દેશોએ ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા છે, તેથી ભારત તેની પાસેથી બહુ ઓછું તેલ ખરીદે છે. પ્રતિબંધો પહેલા, ભારત-ઈરાનનો વેપાર ૨૦૧૫માં લગભગ ઇં૧૩ બિલિયન હતો. તેહરાન લાંબા સમય સુધી આપણું મુખ્ય ઊર્જા સપ્લાયર હતું. જ્યારે ભારત ઈઝરાયલ પાસેથી લશ્કરી સાધનો ખરીદે છે. હકીકતમાં, આજે ભારત ઈઝરાયલનું ટોચુનું સંરક્ષણ ગ્રાહક છે. બીજુંપરિબળ રાજકીય છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયલ સાથેના સંબંધોમાં ઘણું રોકાણ કર્યું છે. ૨૦૧૭માં તેલ અવીવની તેમની મુલાકાત દરમિયાન, તેમણે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનને ડી-હાઈફેન કર્યું હતું એટલે કે, તેમણે કહ્યું હતું કે, ઇઝરાયલ સાથે ભારતના ●સ્વતંત્ર સંબંધો રહેશે અને ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ તેને અસર કરશે નહીં. ત્યારથી, ઇઝરાયલ ભારતનું મુખ્ય સહયોગી રહ્યું છે. તે જ સમયે, ભારત પણ પેલેસ્ટિનિયનોના અધિકારોનું સમર્થન કરવાનું ચાલુ રાખે છે. ઈરાન સાથે મામલો થોડો અલગ છે. ભારત-ઈરાન વચ્ચે ગાઢ સાંસ્કૃતિક અને ભાષાકીય સંબંધો, લાંબા ગાળાના રાજકીય આદાન-પ્રદાન અને ઘણો સહિયારો ઈતિહાસ છે. તેહરાન તરફથી સમયાંતરે આપણને કેટલાક અસહજ કરતા નિવેદનો પણ મળ્યા છે, ખાસ કરીને કાશ્મીર પર, પરંતુ તેની સાથેના આપણા સંબંધો મોટાભાગે સ્થિર રહ્યા છે.

ત્રીજું પરિબળ વ્યૂહાત્મક સંબંધો છે ભારત ઈઝરાયલને યુરોપના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. ગયા વર્ષે, ૨૨૦માં ભારતે ઇઝરાયેલ દ્વારા યુરોપને જોડવા માટે એક નવા આર્થિક કોરિડોરની જાહેરાત કરી હતી. બંને દેશો આઈરયુર નામના રાજકીય જૂથનો પણ ભાગ છે, જેના અન્ય સભ્યો યુએસ અને યુએઈ છે. તે પશ્ચિમ એશિયન ક્વાડ જેવું છે. અફઘાનિસ્તાનમાં ઈરાન સાથે ભારતના સમાન હિતો છે. બંને દેશો અફઘાન લઘુમતીઓના અધિકારોનું સમર્થન કરે છે અને બંને અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા આતંકવાદી કેમ્પના વિરોધમાં છે. ભારત ઈરાનને મધ્ય એશિયાના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. આપણે દક્ષિણ-પૂર્વ ઈરાનના ચાબહાર બંદર પર ટ્રેડિંગ ટર્મિનલ પણ બનાવી રહ્યા છીએ. વિદેશી પોર્ટમાં આ ભારતનું પ્રથમ રોકાણ છે અને તેની કિંમત આશરે ઇં૮૫ મિલિયન છે. તેનો ઉદ્દેશ્ય પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે ચાબહારનો ઉપયોગ કરવાનો છે.

આ કારણે ભારત માટે ઈરાન અને ઈઝરાયેલ બંને મહત્વપૂર્ણ છે. બંનેમાં ભારતનું ઘણું નાણું અને વ્યૂહાત્મક હિતો દાવ પર છે. ભારત માટે આ બંનેમાંથી કોઈનો પક્ષ લેવો આસાન નહીં હોય. જો યુદ્ધ વધે તો ભારતે તેના નાગરિકો વિશે પણ વિચારવું પડશે. ઈઝરાયલમાં ૧૮ હજાર ભારતીયો અને ઈરાનમાં ૧૦ હજાર ભારતીયો રહે છે. વિશાળ ગલ્ફ ક્ષેત્રમાં ૯૦ લાખ ભારતીયો છે. ભારતનું લગભગ ૪૦% તેલ અને ૭૦% ગેસ પશ્ચિમ એશિયામાંથી આવે છે. તેથી, જો યુદ્ધ થાય તો તે ભારત માટે રાજકીય અને આર્થિક દુઃસ્વપ્ન હશે.

આ બંને દેશો વચ્ચે યુદ્ધ થાય તો તેમાં સૌથી વધુ નુકસાન ભારતને અને ખાડી દેશમાં અવસ્થા ભારતીયોને થશે આ નુકસાન જેવું તેવું નહીં હોય આના કારણે ભારતની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર પહોંચી શકે તેમ છે.

# યુરોપ સૌથી વધુ ઝડપે ગરમ થતો ખંડ વિશ્વ સરેરાશ કરતાં બમણી ઝડપે ગરમ થાય છે



નેપલ્સ,
યુરોપ સૌથી વધુ ઝડપે ગરમ થઈ રહેલો ખંડ છે, અને તેનું ઉષ્ણાતામાન વૈશ્વિક સરેરાશ કરતાં બમણી ઝડપે વધી રહ્યું છે. તેમ બે ટોચની કલાઈમેંટ મોનિટરીંગ સીસ્ટમ્સ જણાવે છે. સોમવારે તેણે આપેલા અહેવાલમાં સાથે તેવી પણ ચેતવણી ઉચ્ચારી હતી કે તેની માણસોની ઉપર તેમજ હિમ-સ્તર પર પણ ઋણાત્મક અસર થઈ રહી છે. હીમ-સ્તર ઝડપભેર ઘટી રહ્યું છે. વધુમાં માનવીઓની કાર્યશક્તિ ઉપર તેમજ કાર્યવાહી ઉપર પણ આ વધી રહેલા ઉષ્ણાતામાનની ઋણાત્મક અસર થઈ રહી છે. તેમ યુનોનું 'વર્લ્ડ-મીટીયોરોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએમઓ) તથા યુરોપીયન યુનિયનની કલાઈમેંટ એજન્સી કોપરનિક્સ જણાવે છે.'

આ બંને સંસ્થાઓએ પ્રસિદ્ધ કરેલા સંયુક્ત અહેવાલમાં અનુરોધ કરવામાં આવ્યો છે કે, આ સંયોગોમાં પવન, સૂર્ય તથા જળ પ્રવાહથી ચાલતા વિદ્યુત સંયંત્રો તરફ ઝડપભેર આગળ વધવાની જરૂર છે. તો જ આ ઋતુ પરિવર્તનોની અસર દૂર કરી શકાશે. ગત વર્ષે યુરોપે તેની ૪૩ ટકા વિદ્યુત આવા રીન્યુએબલ રીસોર્સીસ (પુનર્નિમિત થઈ શકે તેવાં સંસાધનો દ્વારા પ્રાપ્ત કરે છે.

છેલ્લાં પાંચ વર્ષની ઉષ્ણતામાનની સરેરાશ જોતાં નિશ્ચિત થઈ રહ્યું છે કે, યુરોપનું ઉષ્ણતામાન ૨.૩ ડીગ્રી (૪.૧ ફેરન હીટ) જેટલું ઔદ્યોગીકરણ પછી વધ્યું છે. આ અહેવાલ ૨૦૧૫ની પેરિસમાં મળેલી વિશ્વ ઋતુ પરિષદે મુકેલી ૧.૫ ડીગ્રી સેલ્સિયસની મર્યાદા જાળવવા કરેલાં સૂચન કરતાં છે.

# દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઈટન્સને૪ રને હરાવ્યું

**જીતવા માટે ૨૨૫ રનનો ટાર્ગેટ હતો, પરંતુ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૨૦ રન જ બનાવી શકી**

નવિદલ્હી
દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઈટન્સને૪ રને હરાવ્યું છે. ગુજરાત ટાઈટન્સને જીતવા માટે ૨૨૫ રનનો ટાર્ગેટ હતો, પરંતુ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૨૦ રન જ બનાવી શકી હતી. આ રીતે શુભમન ગિલની આગેવાની હેઠળની ગુજરાત ટાઈટન્સે ૪ રને હારનો સામનો કરવો પડ્યો છે. ગુજરાત ટાઈટન્સ માટે ડેવિડ મિલરે તોફાની ઈનિંગ રમી હતી. આ બેટ્સમેને ૨૩ બોલમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૫ રન બનાવ્યા, પરંતુ ટીમને જીત તરફ લઈ જવામાં નિષ્ફળ રહ્યો. ડેવિડ મિલર સિવાય સાઈ સુદર્શને ૩૯ બોલમાં ૬૫ રનનું યોગદાન આપ્યું હતું. જ્યારે રિદ્ધિમાન સાહાએ ૨૫ બોલમાં ૩૯ રન બનાવ્યા હતા. છેલ્લી ઓવરોમાં રાશિદ ખાને ૧૧ બોલમાં ૨૧ રન ફટકાર્યા હતા, પરંતુ ટીમને જીત તરફ લઈ જઈ શક્યો નહોતો.

દિલ્હી કેપિટલ્સ તરફથી રસિક દાર સલામે સૌથી વધુ ૩ વિકેટ લીધી હતી. કુલદીપ યાદવને ૨ સફળતા મળી. આ સિવાય એર્નિક નોરખિયા, મુકેશ કુમાર અને અક્ષર પટેલે ૧-૧ વિકેટ લીધી હતી. દિલ્હી કેપિટલ્સના ૨૨૪ રનના જવાબમાં બેટિંગ કરવા આવેલી ગુજરાત ટાઈટન્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. શુભમન ગિલ ૫ બોલમાં ૬ રન બનાવીને આઉટ થયો હતો, પરંતુ આ પછી રિદ્ધિમાન સાહા અને સાઈ સુદર્શન વચ્ચે ૮૨ રનની ભાગીદારી થઈ હતી. રિદ્ધિમાન સાહાના આઉટ થયા બાદ દિલ્હી કેપિટલ્સના બોલરોએ પોતાની પકડ મજબૂત બનાવવાનું શરૂ કર્યું હતું.

# ભારતમાં ગૂગલ પે પછી હવે આવશે ગૂગલ વોલેટ

**આ એપ્લિકેશન કોઈપણ બેંક કાર્ડ અથવા બેંક વિગતો દાખલ કર્યા વિના ચુકવણી કરવાની મંજૂરી આપે છે**

નવિદલ્હી
ગૂગલે કન્ફર્મ કર્યું છે કે તેની વોલેટ એપ હજુ ભારતમાં લોન્ચ થઈ નથી પરંતુ ભારતના યુઝર્સ આ એપને ગૂગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકે છે. આ એપને સ્ટેપ-બાય-સ્ટેપ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ એપ્લિકેશન વપરાશકર્તાઓને કોઈપણ બેંક કાર્ડ અથવા બેંક વિગતો દાખલ કર્યા વિના ચુકવણી કરવાની મંજૂરી આપે છે. તમારે આ એપમાં તમારી બેંકની તમામ વિગતો એકવાર ભરવાની રહેશે, તે પછી તમે કાર્ડ વિના ગમે ત્યાં પેમેન્ટ કરી શકશો.

ગૂગલ વોલેટ ડિજિટલ વૉલેટ એપ્લિકેશન તરીકે પણ સેવા આપે છે. આ એપમાં યુઝર્સ ગિફ્ટ કાર્ડ, જિમ મેમ્બરશિપ, ઈવેન્ટ ટિકિટ, ફ્લાઈટ ટિકિટ વગેરે સ્ટોર કરી શકે છે. ગૂગલ વોલેટએ ભારતમાં પહેલાથી જ અસ્તિત્વમાં છે તે ગૂગલ પે કરતાં થોડી અલગ એપ્લિકેશન છે.

ગૂગલ પે એપ UPI પેમેન્ટ સર્વિસ પૂરી પાડે છે, જ્યારે ગૂગલ વોલેટમાં તમારે માત્ર એક જ વાર ક્રેડિટ/ડેબિટ કાર્ડની વિગતો દાખલ કરવી પડશે, તે પછી તમે કોન્ટેક્ટલેસ પેમેન્ટ કરી શકશો. આનો અર્થ એ છે કે જો તમે તમારા કાર્ડ સાથે રાખવાનું ભૂલી જાઓ છો, તો પણ તમે ફક્ત આ એપ્લિકેશન દ્વારા જ ચૂકવણી કરી શકશો. વધુમાં, ગૂગલ વોલેટ માત્ર નિયર-ફીલ્ડ કોમ્યુનિકેશન સપોર્ટ ધરાવતા સ્માર્ટફોન પર જ કામ કરશે.

ગૂગલ વોલેટ કાર્ડ અથવા રોકડ રાખવાની જરૂરિયાતને દૂર કરીને ઑનલાઈન અને સ્ટોરમાં ખરીદીને સરળ બનાવે છે. આ એપ PIN સુરક્ષા સેવા સાથે આવી રહી છે. TechCrunchના રિપોર્ટ અનુસાર, Google ભારતમાં બંને એપ્સને અલગ-અલગ ઓફર કરવાનું ચાલુ રાખશે.

# લેહ-મનાલી રૂટ ફરીથી ખુલ્લો મૂકાયો

## ફેબ્રુઆરી અને માર્ચમાં વધુ હિમવર્ષા થઈ છે જેના કારણે એક મહિના બાદ રૂટ પૂર્વવત કરવામાં આવ્યો

લેહ-મનાલી
બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનએ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ મનાલી-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગને પૂર્વવત્ (પુનઃ સ્થાપિત) કર્યો છે. આ રૂટ પર અત્યારે કોઈ વાહનોની અવરજવર રહેશે નહી. ટ્રાફિકને સરળ બનાવવા માટે લાહૌલ સ્પીતિ વહીવટીતંત્ર ટૂંક સમયમાં બરાલાચા પાસનું નિરીક્ષણ કરશે. જો સ્થિતિ સામાન્ય રહેશે તો વાહનોની અવરજવરને મંજૂરી આપવામાં આવશે.

રોડ પુનઃસ્થાપિત થવાથી સેના માટે સરહદ સુધી પહોંચવામાં સરળતા રહેશે. BROએ એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં ઝોજિલા પાસ દ્વારા શ્રીનગરથી લેહને સડક માર્ગે જોડ્યો હતો. પરંતુ આ માર્ગ પૂર્વવત્ કરવાથી સેના અને પ્રવાસીઓની મુસાફરી સરળ બની જશે. હિમવર્ષાના કારણે નવેમ્બરથી મનાલી-લેહ રોડ પર વાહનોની અવરજવર બંધ હતી. દેશ-વિદેશના પ્રવાસીઓ રૂટના પુનઃસ્થાપનની રાહ જોઈ રહ્યા હતા. રૂટ પર સરળ ટ્રાફિકને કારણે પ્રવાસનને વેગ મળશે. ગયા વર્ષે, BROએ ૨૫ માર્ચે આ માર્ગને પુનઃસ્થાપિત કર્યો હતો.

આ વખતે ડિસેમ્બર અને જાન્યુઆરી કરતાં ફેબ્રુઆરી અને માર્ચમાં વધુ હિમવર્ષા થઈ છે. જેના કારણે એક મહિના બાદ રૂટ પૂર્વવત કરવામાં આવ્યો છે. બીઆરઓ કમાન્ડર ગૌરવે જણાવ્યું હતું કે મનાલી અને લેહમાંથી બરફ હટાવવામાં લાગેલી દીપક અને હિમાંક પ્રોજેક્ટની ટીમ સરચુમાં મળી હતી અને એકબીજાને અભિનંદન આપ્યા હતા. મનાલીથી સરચુ સુધી બરફ હટાવવાનું કામ મ્ઈના દીપક પ્રોજેક્ટ અને લેહથી સરચુ સુધી હિમાંક પ્રોજેક્ટની જવાબદારી છે.

બીઆરઓએ લદ્દાખમાં હિમાંક પ્રોજેક્ટ અને હિમાચલમાં દીપક પ્રોજેક્ટ હેઠળ રોડ રિસ્ટોરેશન માટે મોટી મશીનો સાથે બે ટીમો તૈનાત કરી હતી. દીપક પ્રોજેક્ટની ટીમે મનાલીથી સરચુ (લદ્દાખ અને હિમાચલની સરહદ) સુધીનો રસ્તો પુનઃસ્થાપિત કર્યો અને હિમાંક પ્રોજેક્ટની ટીમે લેહથી સરચુ સુધીનો રસ્તો પુનઃસ્થાપિત કર્યો.

# ૨૫ વર્ષની પુત્રીના અંગત જીવનને નિયંત્રિત કરવાનો મારો કોઈ ઈરાદો નથી : ચંકી પાંડે



મુંબઈ,
અભિનેત્રી અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂર એકબીજાને ડેટ કરી રહ્યાં હોવાનું જાણવા મળે છે. જો કે આ બંનેએ ખુલ્લેઆમ મીડિયા સામે પોતાના સંબંધોની જાહેરાત કરી નથી, પરંતુ અનન્યા-આદિત્ય ઘણી વખત સાથે જોવા મળ્યા છે. આ બંને જ્યારે વિદેશ ફરવા ગયા ત્યારે પણ તેમના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. હવે અનન્યાના પિતા અને અભિનેતા ચંકી પાંડેએ દીકરીના સંબંધ વિશે પ્રતિક્રિયા આપી છે.


તેમણે સ્પષ્ટતા કરી હતી કે, સંબંધોના સંદર્ભમાં અનન્યાની પસંદગી સામે કોઈ વિરોધ નથી. એ જ રીતે તેણે કહ્યું છે કે, તેની ૨૫ વર્ષની પુત્રીના અંગત જીવનને નિયંત્રિત કરવાનો તેનો કોઈ ઈરાદો નથી. આટલું જ નહીં તેઓએ અનન્યાના વખાણ કર્યા છે કે તેણે કોઈની મદદ વગર બોલિવૂડમાં પોતાનું એક અલગ સ્થાન બનાવ્યું છે.

વેબસાઈટ 'લેહરેન'ને આપેલા ઈન્ટરવ્યુમાં ચંકીને અનન્યા પાંડે સાથેના તેના સંબંધો વિશે પૂછવામાં આવ્યું હતું. તેણે કહ્યું, "મને લાગે છે કે તે ૨૫ વર્ષની છે, તે મારા કરતા વધુ પૈસા કમાય છે. તેથી તેને તેના મન મુજબ કાર્ય કરવાનો અધિકાર છે. મારી ૨૫ વર્ષની દીકરીને શું કરવું અને શું ન કરવું તે કહેવાની મારી હિંમત કેવી રીતે થાય? પડદા પરના તેના અંતરંગ દ્રશ્યોથી પણ મને કોઈ સમસ્યા નથી. મેં હોલિવુડમાં પણ આવા દ્રશ્યો જોયા છે. કોઈને કોઈ નુકસાન નથી. તમારે આ બાબતો સ્વીકારવી પડશે.

# મમતા બેનરજીના પોસ્ટર બોય શાહજહાં શેખનો તમામ સ્વેગ ગાયબ

## શાહજહાં શેખનો એક વીડિયો સામે આવ્યો જેમાં તે રડતો જોવા મળી રહ્યો છે

મુંબઈ,
સંદેશખાલી કેસના મુખ્ય આરોપી અને તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ નેતા શાહજહાં શેખનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે રડતો જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં જયારે તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તે ખૂબ જ અહંકાર સાથે ફરતો જોવા મળ્યો હતો. એટલું જ નહીં તેણે ત્યાં ઉભેલા કેટલાક લોકોને તેના પાછા ફરવાના સંકેતો પણ આપ્યા હતા. શાહજહાં શેખનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આમાં તે કોર્ટમાંથી બહાર નીકળતી વખતે




વાનમાં બેઠેલો જોવા મળે છે. આ દરમિયાન તેના પરિવારના કેટલાક લોકો બહાર ઉભેલા જોવા મળે છે. સંદેશખાલી કેસનો મુખ્ય આરોપી તેની નાની દીકરીને બહાર જોતા જ આંખમાંથી આંસુ વહાવવા લાગે છે અને રડવા લાગે છે.

# સત્ય ઘટના પર આધારિત ફિલ્મ, ધ સાબરમતી રિપોર્ટ, ૨ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ થશે રીલીઝ

મુંબઈ,
ફિલ્મ નિર્માતા એકતા કપૂરની પોલિટિકલ થ્રિલર ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ની રીલીઝ તારીખ માં ફેરફાર થયો છે, થોડા સમય પહેલા આ ફિલ્મનું ટીઝર રીલિઝ થયું હતું, જેને લોકોએ ઘણું પસંદ કર્યું હતું. ટીઝરમાં વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા દમદાર ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં વિક્રાંત મેસી ફરી એકવાર એક દમદાર પાત્રમાં જોવા મળશે, જેને લઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે. આ ફિલ્મનું નિર્દેશન રંજન ચંદેલ દ્વારા કરવામાં આવ્યું છે અને શોભા કપૂર, એકતા કપૂર, અમૂલ વી મોહન અને અંશુલ મોહન દ્વારા સહ-નિર્માતા છે.

વિક્રાંત મેસીએ થોડા સમય પહેલા ફિલ્મનું પોસ્ટર શેર કરીને આ રિલીઝ ડેટની જાહેરાત કરી છે. અભિનેતા દ્વારા શેર કરાયેલ પોસ્ટર પર, ફિલ્મની રિલીઝ તારીખ ૨ ઓગસ્ટ,




૨૦૨૪ લખેલી જોવા મળે છે. આ પોસ્ટને શેર કરતી વખતે, અભિનેતાએ કેપ્શનમાં લખ્યું છે – 'સાબરમતી રિપોર્ટ'ની ફાઈલો ૨જી ઓગસ્ટે થિયેટરોમાં ફરી ખોલવામાં આવી રહી છે!' હવે આ સમાચાર સામે આવ્યા બાદ ચાહકોમાં ફિલ્મને લઈને ઉત્તેજના વધી ગઈ છે. તમને જણાવી દઈએ કે પહેલા આ ફિલ્મ ૩ મે, ૨૦૨૪ના રોજ રીલિઝ થવાની હતી.

# વિદેશી પર્યટકોને શિમલાના પહાડો આનંદ આપે છે, એક વર્ષમાં ૨૦,૮૮૯ લોકોએ મુલાકાત લીધી

શિમલા,
હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાની મુલાકાતે મોટી સંખ્યામાં વિદેશી પર્યટકો આવી રહ્યા છે. કોવિડ બાદ વિદેશી પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે. ગત વર્ષે રાજ્યમાં ૬૨,૮૦૬ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. આમાં ૨૦,૮૮૯ પ્રવાસીઓ એકલા શિમલાની મુલાકાતે આવ્યા હતા. આ વર્ષના પ્રથમ બે મહિનામાં ૯,૮૮૬ વિદેશી પ્રવાસીઓ હિમાચલ આવ્યા હતા. તે ૫૬૨૦ પ્રવાસીઓમાંથી ૫૦ ટકાથી વધુ માત્ર શિમલાની મુલાકાતે આવ્યા હતા. શિમલામાં જ્યાં સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા ઘટી રહી છે. તે જ સમયે, વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થામાં પ્રવાસનનો હિસ્સો લગભગ ૭ ટકા છે. હાલમાં, શિમલા આવતા મોટાભાગના વિદેશી પ્રવાસીઓ યુરોપ અને કેનેડાના છે.

વિદેશી પર્યટકો શિમલાના અનુકૂળ હવામાનને પસંદ કરી રહ્યા છે. શિમલા બ્રિટિશ ભારતની ઉનાળાની રાજધાની હતી. આ કારણથી અહીં બ્રિટિશ ઈન્ડિયાની ઘણી જૂની ઈમારતો છે. બ્રિટિશ ઈન્ડિયાના સમયના વારસાને જોવા માટે મોટાભાગના વિદેશી પ્રવાસીઓ અહીં આવે છે. વિદેશી પર્યટનનો સીધો લાભ ગાઈડને મળે છે. વિદેશી પ્રવાસીઓની અવરજવર વધવાને કારણે આ પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પરેશાન થઈ રહ્યા છે. શિમલાની આસપાસના વિસ્તારોમાં વિદેશી પ્રવાસીઓની મુલાકાતથી સ્થાનિક વેપારીઓ ખુશ છે. યુરોપથી આવેલા મિશેલનું કહેવું છે કે તેને શિમલાના ગ્રામીણ વિસ્તારો વધુ પસંદ છે. તેમનો શ્રેષ્ઠ અનુભવ અહીંના સ્થાનિક લોકો સાથે રહ્યો છે.

અહીંના લોકો મૈત્રીપૂર્ણ છે.

# આઈપીએલમાં ચહલ ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો



મુંબઈ,
મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાયેલી મેચમાં યુઝવેન્દ્ર ચહલે તેની આઈપીએલ કારકિર્દીની ૨૦૦ વિકેટ પૂરી કરી લીધી છે. એમઆઇ વિરૂધ્ધ આરઆર મેચની શરૂઆત પહેલા ચહલે ૧૫૨ મેચમાં ૧૯૯ વિકેટ લીધી હતી અને આ મેચમાં ૨૦૦ વિકેટ પૂરી કરવા માટે તેને માત્ર ૧ વિકેટ લેવાની હતી. ચહલે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં મોહમ્મદ નબીને આઉટ કરીને પોતાની કારકિર્દીની ૨૦૦ વિકેટ પૂરી કરી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં આવું કરનાર ચહલ વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે.આઈપીએલમાં બીજા નંબરે સૌથી વધુ વિકેટ ઝડપનાર ડ્વેન બ્રાવો છે જેણે પોતાની કારકિર્દીમાં ૧૮૩ વિકેટ લીધી હતી.

યુઝવેન્દ્ર ચહલે વર્ષ ૨૦૧૩માં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં તેની પ્રથમ મેચ રમી હતી અને છેલ્લા ૧૨ વર્ષમાં તે ૩ ટીમો તરફથી રમ્યો છે. ચહલે ૨૦૧૩માં મુંબઈ ઈન્ડિયન્સ માટે માત્ર ૧ મેચ રમી હતી, જેમાં તે કોઈ વિકેટ લઈ શક્યો નહોતો. તે પછી તે ૮ સીઝન સુધી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમ્યો.. યુઝવેન્દ્ર ચહલે આઈપીએલમાં આરસીબી માટે ૧૧૩ મેચ રમી હતી, જેમાં તેણે ૧૩૯ વિકેટ લીધી હતી. ૨૦૨૨ માં, લેગ સ્પિન જાદુગર ચહલે રાજસ્થાન રોયલ્સમાં પ્રવેશ કર્યો. ચહલે આરઆર માટે અત્યાર સુધી ૩૯ મેચ રમી છે, જેમાં તેના ફરતા બોલે ૬૧ વિકેટ લીધી છે.

યુઝવેન્દ્ર ચહલ આઈપીએલમાં પર્પલ કેપનો વિજેતા પણ રહી ચૂક્યો છે. તે ૨૦૨૨માં પ્રથમ વખત રાજસ્થાન રોયલ્સ તરફથી રમ્યો હતો અને તે જ સિઝનમાં તેણે ૨૭ વિકેટ લઈને પર્પલ કેપ જીતી હતી.

# જયસ્વાલ ૨૩ વર્ષની ઉંમર પુરી થાય તે પહેલાં બે સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો




મુંબઈ,
યશસ્વી જાયસવાલે શાનદાર સદી ફટકારી રાજસ્થાન રોયલ્સને મુંબઇ ઈન્ડીયન્સ વિરૂદ્ધ મોટી જીત પ્રાપ્ત કરી.આઈપીએલ ૨૦૨૪ ની ૩૮મી મેચમાં રાજસ્થાનની ટીમે ૯ વિકેટથી મેચને પોતાના નામ કરી દીધી. તેના માટે યશસ્વી જાયસવાલે ૬૦ બોલમાં અણનમ ૧૦૪ રન બનાવ્યા. પોતાની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૭ સિક્સર ફટકારી. ૨૮ બોલમાં ૩૮ રન બનાવીને નોટઆઉટ રહ્યા. જોસ બટલરે ૨૫ બોલમાં ૩૫ રન બનાવ્યા.

યશસ્વી જાયસવાલે આ મેચમાં સદી ફટકારી આઈપીએલમાં ઈતિહાસ રચી દીધો. તે ૨૩ વર્ષની ઉંમર પુરી થાય તે પહેલાં ટૂર્નામિન્ટમાં બે સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયા. યશસ્વી જાયસવાલે ગત વર્ષે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઇ વિરૂદ્ધ ૧૨૪ રન બનાવ્યા હતા. ત્યારે તેમની ઉંમર ૨૧ વર્ષ ૧૨૩ દિવસ હતી. જ્યારે જયપુરમાં અણનમ ૧૦૪ રન બનાવ્યા. તેમણે આઈપીએલમાં પોતાની બીજી સદી ૨૨ વર્ષ ૧૧૬ દિવસની ઉંમરમાં લગાવ્યા.

યશસ્વીએ મુંબઈ સામે બીજી સદી ફટકારી હતી. એક ટીમ સામે બે સદી ફટકારનાર તે પાંચમો બેટ્સમેન છે. આ મામલે કેએલ રાહુલ પ્રથમ સ્થાને છે. તેણે મુંબઈ સામે ૩ સદી ફટકારી છે. ક્રિસ ગેલે પંજાબ કિંગ્સ સામે ૨ સદી, વિરાટ કોહલીએ ગુજરાત લાયન્સ વિરુદ્ધ ૨ સદી, ડેવિડ વોર્નરે કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધ ૨ સદી ફટકારી છે.

# રાજકોટ જિલ્લાના ૧૧૧૮ મતદાન મથકોનું થશે લાઈવ વેબ કાસ્ટિંગ ટેકનોલોજીના માધ્યમ થકી ચૂંટણી સંપૂર્ણ રીતે પારદર્શીતાની સાક્ષી બનશે

રાજકોટ, ચૂંટણી એટલે લોકશાહીનું પર્વ. સમગ્ર વિશ્વમાં સૌથી વધારે મહત્વની બાબત જો કોઇ ગણાતી હોય તો એ છે ચૂંટણી. સમગ્ર વિશ્વમાં ઉત્સવોના દેશ તરીકે ઓળખાતા ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયાને પણ ઉત્સવ રૂપે જ ઉજવવામાં આવે છે. આ પર્વમાં રાજકોટ જિલ્લાના નાગરિકો પણ ઉત્સાહપૂર્વક આગામી ૭ મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મતદાનમાં યોગદાન આપશે.

આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુકત, ન્યાયી અને પારદર્શિતા સાથે તેમજ આદર્શ આચારસંહિતાના ચુસ્ત અમલસહ સુચારૂ રૂપે પરિપૂર્ણ કરી શકાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ટેકનોલોજીના માધ્યમ થકીઆ ચૂંટણી સંપૂર્ણ રીતે પારદર્શીતાની સાક્ષી બનશે. રાજકોટ જિલ્લાના ૧૧૧૮ મતદાન મથકો. રાજકોટ જિલ્લામાં પૂરક મતદાન મથક સહિત કુલ ૨૨૩૬ મતદાન મથકો પર મતદાન થનાર છે. ત્યારે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ કુલ મતદાન મથકોના ઓછામા ઓછા ૫૦ ટકા મતદાન મથકો ઉપર લાઈવ વેબકાસ્ટિંગ એટલે કે મતદાન મથક પર કેમેરા દ્વારા સતત વોચ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અનુસાર રાજકોટ જિલ્લામાં ૧૧૧૮ મતદાન મથકો પર લાઈવ વેબ કાસ્ટિંગ કરાશે. વેબ કાસ્ટિંગ એટલે વિવિધ મતદાન મથક ઉપર ઈન્ટરનેટ સહિત માળખું ઊભું કરી મતદાન મથકોની તમામ કાર્યવાહીનું સતત નિરીક્ષણ કરવા માટેની વ્યવસ્થા.

રાજકોટ જિલ્લાના ૧૧૧૮ મતદાન મથકો પર કેમેરા ગોઠવવામાં આવશે. જેમાં મતદાન અધિકારી દ્વારા મતદારની ઓળખ કરવાની કાર્યવાહી, મતદારની આંગળી ઉપર અવીલોપ્ય શાહી લગાવવી, મતદારની ઓળખ થઈ ગયા બાદ પ્રીસાઈડીંગ ઓફિસર દ્વારા કંટ્રોલ યુનિટ શરૂ કરવું. ઈ.વી.એમ.ના બેલેટ યુનિટમાં મત આપવા જતા મતદારની મતકુટીરની મુલાકાત. પરંતુ બેલેટ યુનિટનો કોઈપણ ભાગ કેમેરામાં દેખાવો જોઈએ નહીં. જેથી મતદાનની ગુપ્તતા જળવાઈ રહે. ઉપરાંત મતદાન બંધ કરતી વખતે ઈ.વી.એમ. અને વીવીપેટ સીલ કરવાની કાર્યવાહી તથા મતદાન એજન્ટોને ફોર્મ ૧૭-ક પુરા પાડવાની કાર્યવાહીનું રેકોર્ડીંગ કરાશે.

પ્રત્યેક વિધાનસભા સીટ દિઠ થઈ રહેલી વેબ કાસ્ટિંગની કામગીરી પર નિરીક્ષણ અને નિયંત્રણ માટે રાજકોટ ખાતે કંટ્રોલરૂમ ખાતે સુપરવાઈઝરો અને કર્મચારીઓ સતત કાર્યરત રહેશે. જેમાં એક વિધાનસભા મત વિસ્તારદીઠ કર્મચારીઓને દેખરેખ રાખવા માટે ફરજ સોંપવામાં આવશે. ઉપરાંત જિલ્લાના વેબકાસ્ટિંગવાળા બુથો પર સુપર વિઝનની કામગીરી નોડલ ઓફિસરશ્રી દ્વારા કરવામાં આવશે.

વેબ કાસ્ટિંગ દ્વારા બુથ કેપ્ચરિંગ કે મતદાન મથક પર કોઈ પણ પ્રકારની થતી ગેરરીતિને અટકાવી શકાય છે. આ જીવંત પ્રસારણને રેકોર્ડ પણ કરવામાં આવે છે, જે ખાસ આચારસંહિતા ભંગના કે ગેરમાર્ગે દોરતા કૃત્યો કે બુથ અંગે કોઈ પણ પ્રકારની ફરિયાદના અનુસંધાનમાં મહત્વનું સાબિત થાય છે.લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં તમામ મતદારો નિર્ભિકપણે અને ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહત્તમ મતદાન કરવા પ્રેરાય તે માટે રાજકોટ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

-ખાસ લેખ : ડો.દિવ્યા ત્રિવેદી

# રાજકોટ સંસદીય મત વિસ્તારમાં સોશિયલ ઈનફ્લુએન્સર્સ દ્વારા મતદારોને મતદાનની અપીલ


## મતદાન આપીને આપણા સૌની રાષ્ટ્ર પ્રત્યે નૈતિક જવાબદારી નિભાવવાનો આ વખત છે : ધીરુભાઈ સરવૈયા

રાજકોટ, રાજકોટ સંસદીય મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જીજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં સોશિયલ ઈનફ્લુએન્સર્સ દ્વારા મતદારોને મતદાન અંગે અપીલ કરવામાં આવી રહી છે.

"નમસ્કાર મિત્રો! લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત ૧૦ - રાજકોટ લોકસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૭૧ - રાજકોટ ગ્રામ્ય મતદાર વિભાગના તમામ મતદારોને નમ્ર અપીલ કરું છું કે આપ સૌ આગામી તા. ૭/૫/૨૦૨૪ને મંગળવારના રોજ પોતપોતાના મતદાન મથક પર અચૂક જઈ અને મતદાન કરશો. કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી અને તેમની સંપૂર્ણ ટીમને ચૂંટણીલક્ષી સુંદર વ્યવસ્થા કરવા માટે અભિનંદન પાઠવું છું. તથા મતદાન આપીને આપણા સૌની રાષ્ટ્ર પ્રત્યે નૈતિક જવાબદારી નિભાવવાનો આ વખત છે. તેમજ આપણા દરેકનો મત બહુમૂલ્ય અને કિંમતી હોય છે. તો તા. ૭/૫/૨૦૨૪ના આપ સર્વને મતદાન કરવા જવા અપીલ કરું છું. જય ભારત. જય હિન્દ." : હાસ્ય કલાકારશ્રી ધીરુભાઈ સરવૈયા

"નમસ્કાર! નાના મોઢે મોટી વાત કરવા આવી છું. આપ સૌને ખબર છે કે ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. એક-એક મતની શું કિંમત છે, એ મારા કરતા આપ સૌ સારી રીતે જાણો છો. હું હાથ જોડી નમ્ર વિનંતી કરું છું કે જો આપણે આપણા દેશને વિશ્વની મહાસત્તા બનાવવી હોય તો અચૂક મતદાન કરો. જય હિન્દ, જય ગરવી ગુજરાત." : બાળ પ્રતિભાશ્રી આર્ચી સમીરભાઈ વૈષ્ણવ

# ડાઈકિન એરકન્ડિશનિંગ ઈન્ડિયા પ્રા.લિ.ની નવી ઓફિસનું રાજકોટમા ઉદઘાટન કરવામાં આવ્યું




રાજકોટ: ડાઈકિન એરકન્ડિશનિંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ. લિ. (DAIPL), ડાઈકિન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, જાપાન અને ભારતમાં એર-કન્ડીશનીંગ માર્કેટમાં માર્કેટ લીડર આજે ૩૦૧, સાઉથ બ્લોક, ૩જી માળ, ટ્વીન સ્ટાર, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૫ ખાતે તેની નવી ઓફિસનું ઉદઘાટન ભારે ધામધૂમ અને જોશથી કર્યું.

આ નવી ઓફિસ સ્થાન ગુજરાતની ક્ષમતા અને તેના સમજદાર ગ્રાહકોની પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સમગ્ર ગુજરાતમાં ડાઈકિનનો આત્મવિશ્વાસ પ્રાપ્ત કરવા સાથે, અમે અમારી કામગીરીમાં ગુણવત્તા અને સુંદરતાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરીએ તે આવશ્યક છે. આ નવા પરિસરમાં તમામ પ્રોડક્ટ સેલ્સ, સર્વિસ, તકનીકી સહાયતા અને અન્ય સહાયતા કર્યો જેવા વિભાગો હશે, જે ચેનલ પાર્ટનર્સ અને ગ્રાહકો બંને માટે સક્ષમ તરીકે કામ કરશે. અમે ગુજરાતને અમારા ટોચના સંભવિત બજાર તરીકે જોઈએ છીએ, તેથી અમે એકંદર એસી માર્કેટ પર વર્ચસ્વ મેળવવાની દ્રષ્ટિથી બજારના વિકાસમાં રોકાણ કરવાનું ચાલુ રાખીશું. આજે, ડાઈકિન પ્રોડક્ટ્સ તેમની સાથે ડાઈકિન ગ્લોબલની મજબૂત તકનીક સાથે લાવે છે જે માલિકીની ઓછી કિંમત અને અજોડ ગુણવત્તા અને ટકાઉપણું સાથે ટોચ પર છે.

આ અવસરે ડાઈકિન ઈન્ડિયાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સંજય ગોયલે જણાવ્યું હતું કે, ''ભારત મજબૂત વૃદ્ધિ અને વ્યાપાર માર્ગ દર્શાવવા સાથે, અમે સમગ્ર ગુજરાતમાં અમારા અભિગમમાં આક્રમક બનવાની યોજના બનાવીએ છીએ અને નવી પ્રોડક્ટ્સ નોંધપાત્ર બજાર હિસ્સો મેળવવા માટે ડાઈકિનના પ્રયત્નોને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ નવી ઓફિસ સાથે, અમે અમારા મજબૂત ડીલર નેટવર્ક અને કર્મચારીઓ દ્વારા ઉચ્ચ પ્રશિક્ષિત વેચાણ, સેવા અને જાળવણીના નેટવર્ક સાથે અજોડ ગ્રાહક અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ડાઈકિન ઈન્ડિયાએ ગયા વર્ષમાં ૨૮% થી વધુ વૃદ્ધિ કરી છે, અને તે ૨૦૨૫ સુધીમાં રૂ. ૧૬,૦૦૦ કરોડની આવક સુધી પહોંચવાનું લક્ષ્ય રાખે છે, જે અમને નવા ઉત્પાદનોને લોન્ચ કરવા અને અમારા ડીલર નેટવર્કને વ્યાપકપણે વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઉસિંગ ડેવલપમેન્ટ સાથે, અમે સ્માર્ટ અને ઉર્જા કાર્યક્ષમ એર કન્ડીશનીંગ સોલ્યુશન્સની વધુ માંગ જોઈ રહ્યા છીએ. નાણાકીય વર્ષ ૨૪-૨૫ના અંતે ૩૦% બજાર હિસ્સો સુરક્ષિત કરવા માટે અમે સમગ્ર ગુજરાતમાં ભારે માર્કેટિંગ અને પ્રચારમાં રોકાણ કરવાની યોજના બનાવી રહ્યા છીએ.'' ડાઈકિન ઈન્ડિયાએ શ્રેષ્ઠતા અને નવીનતા માટેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરવા માટે ૭૫.૫ એકરમાં ફેલાયેલી આંધ્ર પ્રદેશના શ્રી સિટી ખાતે તેની નવી સુવિધા કાર્યરત કરી; સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વપરાશ માટે ભારતમાં ઉત્પાદિત એર કન્ડીશનીંગ ઉત્પાદનોની વધતી માંગને પહોંચી વળવા માટે સ્થિત છે.

# રાજકોટ પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા ગાલપચોળીયા-ઓરી- નુરબીબી રસીકરણ કેમ્પઈ યોજાયો



રાજકોટ, પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટી તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનના સંયુકત ઉપક્રમે ટ્રસ્ટણના ભવન 'કિલ્લોલ', ૧-મયુરનગર ખાતે ગાલપચોળીયા-ઓરી-નુરબીબીની રસી વિનામુલ્યેપ મુકી આપવાનો કેમ્પર યોજવામાં આવ્યોલ હતો. સાથે બાળકોને થતા વિવિધ રોગોની તપાસ કરી જરૂરી દવાઓ વિનામુલ્યી અપાઇ હતી. આ કેમ્પંના ઉદઘાટક તરીકે કેન્દ્રીય મંત્રી પરસોતમભાઇ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઇ મોલીયા, ટ્રસ્ટ ના ચેરમેન વિજયભાઇ રૂપાણી, શ્રીમતી અંજલીબેન રૂપાણી, ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, ડો. નયનભાઇ શાહ, ડો. વિભાકરભાઇ વચ્છણરાજાની, બીપીનભાઇ વસા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પામાં બાળરોગ નિષ્ણાંત ડો. નિખિલભાઇ શેઠ, ડો. નિલભાઇ વાછાણી ઉપસ્થિશત રહ્યા હતા. મહેમાનોનું બુકેથી સ્વાગત કરાયુ હતુ. સમગ્ર સંચાલન હસુભાઇ ગણાત્રાએ કરેલ. સમગ્ર કેમ્પયને સફળ બનાવવા ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ વહીવટી અધિકારી ભાવેનભાઇ ભટ્ટ, કો-ઓર્ડીનેટર સાગરભાઇ પાટીલ, કર્મચારીઓ શીતલબા ઝાલા, પ્રીતિબેન મહેતા, ધાબીબેન મકવાણા, શિલ્પાપબેન કુમારખાણીયા, ડો. સલોનીબેન ડોડીયા, ડો. નેન્સીબેન ડોબરીયા, ડો. જાસ્મિતાબેન ચાવડા, ડો. ચિંતનભાઇ જોશી, જાનકીબેન રામાણી, અલ્પા બેન ભટ્ટ, ડો. યશ્વીબેન કારીયા, ડો. નિરાલી સાવડીયા, ડો. ક્રિષ્નાચ ચાવડા, ડો. ગ્રીષ્માઅ માલવીયા, મંજુલાબેન ભાલાળા, વર્ષાબેન મકવાણા, હાજરાબેન બુમભાણી ઠેબા, દીપકભાઇ જોશી, અનિલભાઇ ચાવડા, ભરતભાઇ પાઠક વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં યુવા ભાજપ સહાયક લીગલ ટીમ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ, આગામી દીવસોમાં લોકસભાની ચુંટણીનુ મહાપર્વ આવી રહ્યુ છે. લોકશાહીના સૌથી મોટા પર્વ તરીકે યોજનાર આગામી ચુંટણીમાં સૌથી વધુ યુવા મતદારો જોડાવવાના છે અનેક મતદારો પોતાનો પ્રથમ મત આપવા જઈ રહ્યા છે ત્યાંરે યુવા, મહિલા મતદારોમાં જાગળતી આવે અને મતદારો પોતાના મતાધિકારનો વધુમા વધુ ઉપયોગ કરે અને મારો મત ભારતના નિર્માણ ને મત એવા હેતુ સૌ જગી મતદાન કરે અને લોકશાહીના આ પર્વની ઉજવણી કરે તેવા હેતુથી શહેર ભાજપ લીગલ સેલ ના માર્ગદર્શન હેઠળ ભાજપ યુવા લીગલ સેલ સહાયક ટીમ દવારા યુવા એડવોકેટો માટે નવીનતમ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટેનું પ્રથમ વાર આયોજન કરવામાં આવી રહેલ છે.

આ પહેલા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટવનુ આયોજન બહુ જુજ થયુ છે માટે યુવા વિકલોમાં આ ટુર્નામેન્ટરમાં જોડાવવા માટે ખુબજ ઉત્સારહ દેખાઈ રહયો છે જે અંતર્ગત આગામી તારીખઃ૨૬/૦૪/૨૪ થી તારીખ - ૨૮/૦૪/૨૪ દરમ્યાુન સાજના વીરાણી હાઈસ્કુલ ના ગ્રાઉન્ડમમાં યોજાનાર આ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટત રમાવવાની છે જેમાં કુલ - ૧૬ ટીમો દ્વારા ભાગ લેવામાં આવેલ છે તેમજ તેમાં ૫-૫ મેચ ૨ દિવસ માટે રમાશે તેમજ રવીવારે સેમી ફાઈનલ તથા ફાઈનલ મેચ રમાડવામા આવશે તેમજ શહેર ભાજપ અને ભાજપ લીગલ સેલ વચ્ચો મેચ રમાશે તેમજ મહિલાઓની ટીમ વચ્ચે ટુર્નામેન્ટમ રમાડવામાં આવશે.

આ ટુર્નામેન્ટ માં જોડાવવા અનેક યુવા વકીલો એ પોતાની ટીમોનુ રજીસ્ટ્રેશન કરાવેલ છે જે અંતર્ગત ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવના હસ્તે થયેલ ડ્રો મુજબ વીવીધ ટીમો વચ્ચેર મેચ રમાડવામાં આવશે જેમાં વીજેતા ટીમો ને શીલ્ડર તેમજ ઈનામો આપવામાં આવશે આ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવવા રાકેશભાઈ ગોસ્વાચમી, ધર્મેશભાઈ સખીયા, રક્ષીતભાઈ કલોલા, ભાજપ યુવા લીગલ સહાયક સેલ ના કન્વીનર અભિષેક શુકલ, સહકન્વીવનર સાગર હપાણી, વીગેરે જહેમત ઉઠાવી રહ્યા છે,

# જુનાગઢ લોકસભા મત વિસ્તારના સ્ટ્રોંગ રૂમ કાઉન્ટીંગ સેન્ટરનું નિરીક્ષણ કરાયું

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ, જનરલ ઓબ્ઝર્વર શ્રી મોહંમદ ઝુબેર અલી હાશમી અને પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા સાથે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ ઈજનેરી મહાવિદ્યાલય ખાતે તૈયાર થનાર સ્ટ્રોંગ રૂમ - મતગણના કેન્દ્ર ખાતે જરૂરી વ્યવસ્થાઓ સંદર્ભે નિરીક્ષણ કર્યું હતું.

૧૩-જૂનાગઢ લોકસભા મતવિસ્તાર હેઠળના હેઠળના જૂનાગઢ, વિસાવદર, માંગરોળ, સોમનાથ, તાલાળા, કોડીનાર અને ઉના વિધાનસભા મતવિસ્તારના ઈવીએમ વીવીપેટ મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી આ કૃષિ ઈજનેરી અને મહાવિદ્યાલય ખાતે રાખવામાં આવશે. ત્યારે જરૂરી વ્યવસ્થાઓ સંદર્ભે જનરલ ઓબ્ઝર્વર શ્રી મોહંમદ ઝુબેર અલી હાશમી અને પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીને કલેકટરશ્રી સાથે જરૂરી પરામર્શ કર્યો હતો. ખાસ કરીને સુરક્ષાની દ્રષ્ટિથી પણ વિવિધ પાસાઓનુ નિરીક્ષણ કર્યું હતુ. ઉપરાંત પોસ્ટલ બેલેટ કાઉન્ટિંગ હોલ, સ્ટ્રોંગ રૂમ, કોમ્પ્યુટર રૂમ, મીડિયા રૂમ સહિતની વ્યવસ્થાઓ મુદ્દે ચર્ચા કરી હતી.

# ગીર સોમનાથ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી

વેરાવળ,ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત ધર્મ ભક્તિ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા "વિશ્વ પૃથ્વી દિવસ" ની ઉજવણી પ્રભાસ પાટણ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે કરવામાં આવેલ જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓને પીપીટી પ્રેઝન્ટેશન તથા વિડીયો દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમીક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વિશે સમજ આપવામાં આવેલ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ કેમ ઘટાડી શકાય તે અંગે હાજર સર્વેને માહિતગાર કરવામાં આવેલ.

દર વર્ષે વિશ્વ પૃથ્વી દિવસ એક થીમ સાથે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં તેની થીમ છે - ' આ થીમનો હેતુ સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને સમાપ્ત કરવાનો અને તેના વિકલ્પોની શોધ પર ભાર આપવાનો છે.

વિશ્વ પૃથ્વી દિવસ પર, લાખો લોકો પ્રદૂષણ અને તેના જોખમો, વનનાબૂદી જેવા પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એકઠા થાય છે. આ પ્રસંગે, વિશ્વભરમાં વિવિધ કાર્યક્રમોની મદદથી, લોકોને પર્યાવરણ માટે ઉભા થયેલા જોખમો વિશે જણાવવામાં આવે છે અને તેઓને પૃથ્વીને બચાવવાના પ્રયાસો વિશે જાગૃત કરવામાં આવે છે.

ત્યારબાદ વિશ્વ પૃથ્વી દિવસ વિશે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક દ્વારા કેવી રીતે ઈકો બ્રિક્સ બનાવી શકાય અને તેનો ઉપયોગ શું કરી શકાય તે વિશે લોક વિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા પ્રવૃત્તિ કરી સમજાવવામાં આવેલ.

# રાજકોટ સરગમ કલબ ઈવનિંગ પોસ્ટ દ્વારા સંગીત સંધ્યા યોજાઇ



રાજકોટ, રાજકોટ સરગમ કલબ ઈવનિંગ પોસ્ટના સભ્યો માટે સંગીત સંધ્યા અને શ્રીનાથજીના ગીતોનો કાર્યક્રમ હેમુગઢવી હોલમાં યોજાયો હતો. નામાંકિત કલાકારો મન્સુ ર ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સના નફિસ આનંદ (અમદાવાદ), શ્રીકાંત ઐયર, બિમલ શાહ, નિલેશ વસાવડા, સંજય પંડયા, અશ્વિની મહેતા, પ્રીતિ ભટ્ટ અને વર્ષા ઠકરાર વગેરે કલાકારોએ શ્રીનાથજીના ગીતો રજુ કરી ભક્તિસભર વાતાવરણ સર્જી દીધુ હતુ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગુણવંતભાઇ ડેલાવાળા, મનસુખભાઇ મકવાણા, જયપાલસિંહ ઝાલા, હરનેશભાઇ સોલંકી, ગીતાબેન હીરાણીનો સહયોગ મળ્યો હતો

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા '૨૬'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજન

**ફોર્મ વિતરણ શરૂ : ૩ મે થી શરૂ થનાર કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકોને અપાશે ઘનિષ્ઠ તાલીમ અપાશે**

રાજકોટ, દરેક માતા-પિતાની ચિંતાને દૂર કરવા અને દફતર, પુસ્તકો, નોટબુકો, વિડીયો ગેમ, મોબાઈલને છોડી, રમત ક્ષેત્રે કારકિર્દી ઘડવાની સુવર્ણ તક આપવા માટે, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા '૨૬'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં ભાગ લેવા માટેનું પ્રવેશ ફોર્મ વિતરણ અને સંપુર્ણ વિગત ભરીને પરત આપવા માટે આવતીકાલે તા. ૨૫ થી ૩૦ એપ્રિલ સવારે ૧૦ થી ૨ અને ૩ થી ૫ દરમ્યાન બેંકની રાજકોટની તમામ શાખાઓમાં સુવિધા છે. ક્રિકેટ કોચીંગ આગામી તા. ૩ મે ને શુક્રવારથી સવારે ૬:૩૦ થી ૮ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કેમ્પનો પ્રારંભ થશે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં આ કેમ્પ દરમ્યાન ૩૮,૭૬૩ ભાવિ ક્રિકેટરોએ તાલીમ મેળવી છે. આ કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકો (બોયઝ એન્ડ ગર્લ્સ)ને તાલીમ આપવામાં આવશે.

કેમ્પના આયોજન માટે જીમ્મીભાઈ દક્ષીણી (કાર્યકારી ચેરમેન), દિપકભાઈ મકવાણા (ડિરેકટર અને પ્રોજેક્ટ ચેરમેન), હંસરાજભાઈ ગજેરા, અશોકભાઈ ગાંધી, શૈલેષભાઈ ઠાકર, નલિનભાઈ વસા, જ્યોતીન્દ્રભાઈ મહેતા, કલ્પકભાઈ મણીઆર, ટપુભાઈ લીંબાસીયા, ડાયાભાઈ ડેલાવાળા, અર્જુનભાઈ શિંગાળા, ચંદ્રેશભાઈ ધોળકીયા, કીર્તિદાબેન જાદવ, માધવભાઈ દવે, દિનેશભાઈ પાઠક, રાજશ્રીબેન જાની, દીપકભાઈ બકરાણીયા, કાર્તિકેયભાઈ પારેખ, મંગેશજી જોશી, શૈલેષભાઈ મકવાણા, હરેશભાઈ ઠક્કર, હસમુખભાઈ હિંડોચા, હર્ષિતભાઈ કાવર, વિનોદ કુમાર શર્મા સહિતનાઓએ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે.

# રાજકોટની વિરાણી સ્કુલ ખાતે ચિત્ર સ્પર્ધા અને મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, લોકસભા ચુંટણી ૨૦૨૪માં મતદાતાઓ ઉત્સાહભેર મતદાન કરે તે માટે સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન-જીફઈઈ) અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશી અને અધિક ચૂંટણી અધિકારી શ્રી એન.કે.મુછારના માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે.

રાજકોટની શ્રી કડવીબાઈ વિરાણી સ્કુલ ખાતે વિદ્યાર્થીનીઓ માટે ચિત્ર સ્પર્ધા અને મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ચિત્ર સ્પર્ધા અંતર્ગત શાળાની વિદ્યાર્થીનીઓએ મતદાન અંગે જાગૃતિ ફેલાવતા સંદેશાઓની રંગબેરંગી અભિવ્યક્તિ કાગળ પર ચિત્રો દ્વારા કરી હતી. સ્પર્ધામાં સારું પ્રદર્શન કરનારને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. વધુમાં વિદ્યાર્થીનીઓ ૭ મેના રોજ મતદાન કરવા માટે પોતાના પરિવારજનોને પ્રેરિત કરે તેવી અપીલ કરવામાં આવી હતી અને મતદાતા શપથ લેવડાવવામાં આવી હતી. ઉપરાંત વિષયને અનુરૂપ સ્કીટ પણ વિદ્યાર્થીનીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી. દરેક નાગરિક પોતાની મતદાનની પવિત્ર ફરજ નિભાવે સુનિશ્ચિત કરવા ભવિષ્યના મતદાતાઓને જાગ્રત કરવાના દુરંદેશી અભિગમથી ચૂંટણી પંચની પ્રેરણાથી શાળાના બાળકો માટે આવા વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. 'કોઈ મતદાર છૂટે નહિ' સુત્રને સાર્થક કરવા અને સર્વસમાવેશી મતદાન થાય તે માટે રાજકોટ સંસદીય મતવિસ્તાર અંતર્ગત વાંકાનેર વિધાનસભા મતવિસ્તારના પુરૂષ મતદારો અને સ્ત્રી મતદારોના મતદાનમાં ૧૦% થી વધારે તફાવતવાળા રાજકોટ તાલુકાના તરઘડીયા ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓને ચૂંટણી પ્રક્રિયા અંગે સમજૂતી આપીને અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી. આ તકે ગામની મહિલાઓ મતદાન કરવા માટે પ્રતિબદ્ધ થઇ હતી. કપાળ પર બિંદીની જેમ મતદાનનું આંગળી પરનું શાહીનું નિશાન પણ સ્ત્રીની શોભા છે તેવા અભિગમથી મહિલા મતદારોની ભાગીદારી વધે તે માટે ચૂંટણીતંત્ર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

# રાજકોટ સંસદીય મત વિસ્તારમાં મતદાતાઓને પ્રોત્સાહન માટે વિવિધ વસ્તુઓ તેમજ હોટલમાં વિશેષ ડિસ્કાઉન્ટ

રાજકોટ, રાજકોટ સંસદીય મત વિસ્તારનો દરેક નાગરિક લોકસભાની ચૂંટણીના મહાપર્વની ઉજવણીમાં જોડાય, તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. જે અન્વયે રાજકોટ સંસદીય મત વિસ્તારમાં મતદાતાઓને પ્રોત્સાહન આપવા ડિસ્કાઉન્ટની ઓફર આપવામાં આવી રહી છે.

રાજકોટ શહેરમાં મતદાનના દિવસે એસ્ટ્રોન ચોક ખાતે સેમસંગ એસેસરીઝની ખરીદી પર ૭% વળતર તેમજ તમામ મોબાઈલ એસેસરીઝની ખરીદી પર ૧૦% વળતર આપવામાં આવશે. અડીંગો રેસ્ટોરન્ટમાં લંચ અને ડીનરમાં ૧૦% તેમજ ભાભા હોટલમાં તા. ૭ અને ૮ મેના રોજ લંચ, ડીનર અને સ્ટે માટે ૧૦% વળતરની જાહેરાત કરવામાં આવી છે.

વધુમાં, વહીવટી તંત્ર દ્વારા વાંકાનેર તાલુકાના માટેલ ગામમાં આવેલી બજારમાં વેપારીઓને ૭% વળતર આપવાની સમજૂતી કરવામાં આવી હતી. તેમજ મતદાનનું મહત્વ સમજાવતા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી, વધુમાં વધુ લોકોને મત આપવા જવાની પ્રેરણા મળી શકે. આમ, નાગરીકોને રચનાત્મક પ્રવૃત્તિઓના માધ્યમથી મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યાં છે.

# મતદાન કરીને આવનારને વળતર યોજનાનો લાભ મળશે

## ગોંડલ, પડધરીના વેપારી અને મવડીના રેસ્ટોરન્ટ સંચાલકે વળતર યોજનાની સહમતી આપીઃ પેટ્રોલ પંપ પર ઓઈલની ખરીદીમાં ૭% છૂટ

રાજકોટ

લોકસભા ચૂંટણી અન્વયે તા. ૭ મે ના રોજ મતદાન કરનાર મતદાતાઓને ઠેર-ઠેર ખરીદી પર છૂટ આપવા અનેક શોપ હાલ આગળ આવી રહી છે. જેમાં પડધરીમાં આવેલ નેત્રમાર્ટ મોલમાં ઘરવખરીની ખરીદીમાં મતદાન કરી આવનાર વ્યક્તિને એમ.આર.પી. પર ૭ ટકા થી શરૂ કરીને અલગ અલગ ચીજ વસ્તુઓમાં ૫૦% સુધી ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ગોંડલની શ્રી સાઈ બાબા પ્રોવિઝન સ્ટોર પરથી ખરીદીમાં ૭ ટકા વળતર આપવામાં આવશે. જયારે મવડી પાળ રોડ પર આવેલ એમ.એસ. મૈસુર ઢોસા રેસ્ટોરમાં મતદાન કરનારને ૧૦ ટકા છૂટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. મતદાતાઓ મતદાન કરી દેશના ઘડતરમાં અહેમ રોલ ભજવી રહ્યા હોઈ તેઓને પ્રોત્સાહિત કરવા સ્ટોર્સ દ્વારા આ પ્રકારે ખરીદીમાં વળતર આપવામાં આવી રહ્યું છે.

રાજકોટ લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે ઓછા મતદાનવાળા વિસ્તારોમાં લોકોને મતદાન માટે પ્રેરિત કરવા કેન્દ્રીય ચૂંટણી પંચ તથા રાજ્ય ચૂંટણી પંચના નિર્દેશ મુજબ, જિલ્લા ચૂંટણી તંત્રએ વિશેષ ઝુંબેશ શરૂ કરી છે. ટી.આઈ.પી. અંતર્ગત, જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીની સૂચના મુજબ, રાજકોટ સંસદીય મત વિસ્તારમાં આવતા દસ વિધાનસભા મત વિસ્તારોમાં મતદારોને જાગૃત કરવા ડિજિટલથી લઈને ગ્રાઉન્ડ પરની વિવિધ પ્રવૃત્તિઓનું સઘન આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે દસેય વિધાનસભા મત વિસ્તારમાં આ પ્રવૃત્તિઓનું સઘન અમલીકરણ થાય તે માટે સંલગ્ન તમામ પ્રાંત અધિકારી-નાયબ કલેક્ટરઓને સૂચના આપવામાં આવી છે.




### મતદાન કરનારને પેટ્રોલ પંપ પર ઓઈલની ખરીદીમાં ૭ ટકા છૂટ

મતદાન એ આપણી ફરજ અને અધિકાર છે. લોકશાહીને મજબૂત બનાવવા મતદાન માટે લોકો પ્રેરાય તે માટે અનેકવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમોમાં વિવિધ સંસ્થાઓ પણ જોડાઈ પ્રેરણા પુરી પાડી રહ્યું છે. જામકંડોરણા પેટ્રોલિયમ એસોસિએશન હેઠળના પેટ્રોલ પંપ પર તા. ૭ મે ના મતદાન દિવસે મતદાન કરનાર મતદાતાને ઓઈલની ખરીદી પર ૭ ટકા ની છૂટ આપવાની જાહેરાત જામકંડોરણા પેટ્રોલિયમ એસોસિએશન દ્વારા કરવામાં આવી છે. મતદાતા મતદાન કર્યાનું આંગળી પર નિશાન બતાવી ઓઈલની ખરીદી પર ૭ ટકા છુટનો લાભ મેળવી શકશે તેમ એસોસિએશનની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ બાલક હનુમાનજી મંદિરે દર્શનનો લાભ લેતા ભાજપ ઉમેદવાર રૂપાલા



રાજકોટ,

શહેરના સુપ્રસિધ્ધા બાલક હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોમત્સવ ઉજવણી અંતર્ગત દાદાના દર્શન-પૂજન-અર્ચનનો લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ લાભ લીધો હતો. આ તકે સાંસદ મોહનભાઇ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયા, વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય્ ઉદયભાઇ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઇ મોલીયા, પૂર્વ ડે. મેયર વલ્લભભાઇ દૂધાતરા, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઇ પરમાર, પુજાબેન પટેલ, ભગવતીબેન ધરોડીયા, વોર્ડ નં. ૪, ૫, ૬, ૧૬ ના વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, મોરચા-સેલના હોદેદારો, કોર્પોરેટરો, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ભાવિકજનો વિગેરે ઉપસ્થિ ત રહ્યા હતાં.

# રાજકોટ આજી ડેમમાં કૂદે તે પહેલા જ મહિલાને શી ટીમે બચાવી લીધી



રાજકોટ,

રાજકોટ શહેરના આજીડેમમાં આપઘાત કરવા જઈ રહેલી મહિલાને શી ટીમે તાત્કાલિક બચાવી તેમનું કાઉન્સિલિંગ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે તેમના સાસુ હેરાન કરતા હોય જેથી આ પગલું ભરતી હોવાનું જણાવ્યું હતું. તા.૨૩ના રોજ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા યાદવ, મદદનીશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પીઆઇ આઇ.એન. સાવલિયાની સૂચનાથી પુર્વ વિભાગ શી ટીમ ઇન્ચાર્જ મધુબેન સહકર્મચારીઓ અવનીબા, કાજલબેન, સુજાતાબેન પૂર્વ વિભાગ શી ટીમને કંટ્રોલ કોલ આવતા એક જાગૃત નાગરિક જણાવે છે કે, આજી ડેમ પાસે કોઈ મહિલા આત્મહત્યા કરવા જઈ રહેલ હોય જેથી ત્યાં જઈ રૂબરૂ મળી બચાવવા કાર્યવાહી કરવા જણાવાયું હતું. જેથી ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચીને બહેનઅને આત્મહત્યા કરવા જઈ રહ્યા હતા. જેનો અમારી ટીમ દ્વારા બચાવ કરવામાં આવ્યો હતો. તેમજ બહેનનું કાઉન્સિલિંગ કરવામાં આવેલ તો બહેનને પૂછતા તેઓ ખુબજ રડતા હતા. ત્યારબાદ તેણે જણાવ્યું હતું કે, ઘરમાં સાસુ ખૂબ જ હેરાન કરતા હોય જેથી બહેન દરરોજના ઘરકંકાશ થી કંટાળીને આત્મહત્યા કરવાનું વિચારી બહેનને અમે ખૂબ સમજાવી હતી.

# દેશની જનતાએ ભાજપને મત આપવા મન મનાવી લીધુ છે : પ્રકાશભાઈ સોની

## દેશવાસીઓ 'કમળ' પર અનરાધાર મતવર્ષા કરી 'અબ કી બાર ૪૦૦ કે પાર' ના સંકલ્પને સાકાર કરશેઃ રાજકોટ થી કમળ ખીલવી દિલ્હી અર્પણ કરીએ : મુકેશભાઈ દોશી

રાજકોટ :

અત્રે રાજકોટ લોકસભા બેઠકના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખાતે રાજકોટ ભારતીય જનતા પાર્ટીના પ્રભારી શ્રી પ્રકાશભાઈ સોનીના અધ્યક્ષસ્થાને અને શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશીની ઉપસ્થિતિમાં રાજકોટ શહેરના ૧૮ વોર્ડોના કોર્પોરેટરો અને નગર પ્રાથમિક શિક્ષણ આ તકે પ્રકાશભાઈ સોનીએ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને ૫ લાખ થી વધુ મતોના લીડની ભવ્ય વિજય થાય તે માટે માઈક્રો પ્લાનીંગ કરવા જણાવ્યુ હતુ. તેમણે આ માટે જે તે વોર્ડના કોર્પોરેટરો સંગઠનના પ્રમુખ, મહામંત્રીઓ તેમના વિવિધ મોરચા સેલના હોદેદારો વચ્ચે મજબુત સંકલન સાધવા અંતર્ગત માર્ગદર્શન આપેલ.



દરેક વોર્ડ"માં બુથની જવાબદારી જે તે કોર્પોરેટરો તથા પ્રમુખ, મહામંત્રીઓ અને સંગઠનના હોદેદારોને સોંપીને મહતમ મતદારો ભાજપની તરફેણમાં મતદાન કરે તે જોવા ખાસ જણાવ્યુ હતુ. આ તકે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશભાઈ દોશીએ વોર્ડ વાઈઝ થતી ચૂંટણીની કામગીરીની સમીક્ષા કરીને જન–જન સુધી વધુ પ્રચાર પ્રસિધ્ધિ કામગીરી થાય તે માટે બેઠક વર્ક, સાહિત્ય–પત્રિકા તથા ઝંડા લગાવવાની કામગીરી સમય મર્યાદાને ધ્યાન રાખીને વધુ સઘન બનાવવા અનુરોધ કર્યો હતો. તેમજ જે તે વિધાનસભાના ધારાસભ્યો તથા વોર્ડના પક્ષના વરિષ્ઠ આગેવાનોને સાથે પણ સંકલન સુનિશ્ચિત કરીને પરીણામલક્ષી કામગીરી કરવા વિસ્તૃત માર્ગદર્શન આપેલ. આ બેઠકમાં શહેર ભાજપ મહામંત્રીઓ ડો. માધવ દવે વિરેન્દ્રસિંહ ઝાલા વિગેરે ઉપસ્થિત રહયા હતા. આ બેઠકમાં મેયર નયના બેન પેઢડીયા, પક્ષનેતા, દંડક સ્થાયી સમિતિના ચેરમેન, કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, નાયબ ચેરમેન પ્રવિણભાઈ નિમાવત અને શિક્ષણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં હાટકેશ્વર મંદિરે દર્શનનો લાભ લેતા પુરૂષોતમભાઇ રૂપાલા



રાજકોટ,

સમસ્ત નાગરોના ઈષ્ટરદેવ શ્રી હાટકેશ્વરની જયંતી એટલે કે હાટકેશ જયંતિ નિમિત્તે સદીઓ જુના હાટકેશ્વર મંદિર ખાતે પાઠાત્મ્ક લઘુદ્ર તેમજ વિધિવત હાટકેશ પૂજાના કાર્યક્રમમાં રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરૂષોતમભાઇ રૂપાલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રોફેસર કમલેશ જોષીપુરા, રાજકોટના પ્રથમ મહિલા મેયર શ્રીમતી ભાવનાબેન જોષીપુરા, જનકભાઇ કોટક, ભાજપના પૂર્વ પ્રમુખ પ્રતાપભાઇ કોટક, કોર્પોરેટર દેવાંગભાઇ માંકડ, જગદીશભાઇ બુચ, કિરીટભાઇ હાથી, મુકેશભાઇ માંકડ, વિપુલભાઇ પોટા, મયંકભાઇ માંકડ, હિમાંશુભાઇ માંકડ, સુનિલભાઇ ઓઝા, નલીનભાઇ વૈદ્ય, સતીષભાઇ મહેતા, સમીરભાઇ વસાવડા સંગીતાબેન છાયા, તુષારભાઇ બુચ, તુષારભાઇ પોટા, મેઘાબેન વૈષ્ણ વ, અજય આચાર્ય કમેન્દુ આચાર્ય, ભરત આચાર્ય, મકરંદ વોરા ઉપસ્થિમત રહ્યા હતા.

# રાજકોટના મેટોડા જીઆઇડીસી સીપીએમએફ દ્વારા ફલેગ માર્ચ



લોકસભા ચૂંટણી તારીખ નજીક આવતા મેટોડા જીઆઇડીસી પોલીસ દ્વારા સંવેદનશીલ બુથ બિલ્ડીં ગ વિસ્તારમાં ફલેગ માર્ચ યોજવામાં આવેલ. જેમાં સ્થીનિક પોલીસ તેમજ સીપીએમએફ અધિકારી તેમજ પોલીસ જવાનો દ્વારા ફલેગ માર્ચ કરી હતી. રાજકોટ લોકસભા વિસ્તા?રના મેટોડા પોલીસ સ્ટેધશન દ્વારા તેમના વિસ્તાટરના ખીરસરા મોટાવડા મેટોડા તેમજ મેટોડા જીઆઇડીસી ગામે મેટોડા પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવેલ

# રાજકોટ શહેર-જિલ્લામાં દારૂ, રોકડ અને દાગીના સહિત રૂપિયા ૫.૭૦ કરોડનો મુદામાલ જપ્ત

રાજકોટ,

રાજકોટ શહેર જિલ્લામાં ચૂંટણી આચારસંહિતાનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચુસ્તપણે અમલીકરણ થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે જે અંતર્ગત લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ અત્યાર સુધીમાં દારૂ, રોકડ, સોના-ચાંદીના દાગીના સહિતના જપ્ત કરાયેલ મુદ્દામાલનો આંકડો ૫.૭૦ કરોડને આંબી જવા પામેલ છે. આ અંગે કલેકટર કચેરીના સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮,૬૮૬ લીટર દેશી દારૂ પકડવામાં આવેલ છે જેની કિંમત ૧,૭૩,૩૨૦ થવા જાય છે. જયારે ૨૪.૪૪ લાખનો વિદેશી દારૂના જથ્થાને ઝડપી લેવામાં આવેલ છે.

જયારે રાજકોટ શહેરમાંથી ૧.૫૬ લાખની ૭૮૦૫ લીટર દેશી દારૂ તેમજ ૧૯,૭૬,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાંથી અગાઉ ૩૨ લાખની રોકડ સાથે ઈક્રમ ટેકસ વિભાગ દ્વારા એક વેપારીને ઝડપી લેવામાં આવેલ હતા.

# રાજકોટમાં બિશપ હાઉસ પ્રેમ મંદિરની મુલાકાત લેતા પરસોતમભાઇ રૂપાલા



રાજકોટ,

રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલ ખ્રિસ્તીમ મીશનરી સંસ્થા બીશપ હાઉસ પ્રેમ મંદિરના સૌજન્ય મુલાકાતે કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરસોતમભાઇ રૂપાલાએ લીધી હતી. આ પ્રસંગે સાંસદ મોહનભાઇ કુંડારીયા, રાજયસભાના સભ્ય રામભાઇ મોકરીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઇ કથીરિયા, ચેતનભાઇ રામાણી, રમેશભાઇ કોઠારી, સંસ્થા્ના ફાધર શ્રી બેન્ડી , ફાધર જોમન વિગેરે ઉપસ્થિમત રહ્યા હતાં.

# પરિમલ નથવાણીએ પ્રથમ ગુજરાત સુપર લીગ ની ટ્રોફીનું અનાવરણ કર્યું

## GSL ગુજરાતમાં ફૂટબોલના વિકાસનું મહત્વપૂર્ણ સિમાચિહ્ન છેઃ નથવાણી

અમદાવાદ,

ગુજરાત સુપર લીગ એ ગુજરાત રાજયમાં ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલની એક મોટી પહેલ છે. GSL માટેની પ્રતિષ્ઠિત ટ્રોફીનું આજે રાજયસભા સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA)ના પ્રમુખ શ્રી પરિમલ નથવાણી દ્વારા ભારે ધામધૂમથી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે GSLમાં ભાગ લેનારી ટીમના માલિકો, પ્રાયોજકો અને સમર્થકો હાજર રહ્યા હતા. શ્રી નથવાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજયમાં પ્રથમ વખત ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા માટે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન ની આ એક મોટી પહેલ છે.

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન ને ગર્વ છે કે ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગપતિઓએ ય્જીન્ના વિચારને હૃદયપૂર્વક આવકાર્યો અને ટીમની માલિકી માટે સહેલાઈથી સંમત થયા. દરેક ટીમના માલિકે તેમની ટીમનું નામ પ્રેમપૂર્વક રાખ્યું છે.



આમ, GSL ટુર્નામેન્ટમાં જે છ ટીમ ભાગ લેશે તે છેઃ અમદાવાદ એવેન્જર્સ (ગોડ TMT અને વિવાન ધ રાઈટ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ), ગાંધીનગર જાયન્ટ્સ (ANVI સ્પોર્ટ્સ), કર્ણાવતી નાઈટ્સ (ધ એડ્રેસ), સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ (અક્ષિતા કોટન લિમિટેડ અને બીલાઈન), સુરત સ્ટ્રાઈકર્સ (લોયલ ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ), વડોદરા વોરિયર્સ (કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ).

શ્રી નથવાણીએ જણાવ્યું હતું કે "અન્ય રાજયોની સરખામણીએ ગુજરાત ફૂટબોલમાં હજુ ઘણું પાછળ છે. ગુજરાત સુપર લીગ રાજયમાં ફૂટબોલની લોકપ્રિયતા વધારવા માટેની નાનકડી પહેલ છે. GSLમાં હાલ છ ટીમ છે પરંતુ આગામી ત્રણ-ચાર વર્ષમાં અમે ટીમની સંખ્યા વધારીને ૧૨ સુધી લઈ જવાનું આયોજન ધરાવીએ છીએ."

GSLના મુખ્ય પ્રાયોજક અને સહયોગી સ્પોન્સર તરીકે અનુક્રમે ગુજરાત પ્રવાસન નિગમ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત છે. ટ્રોફી અનાવરણ પ્રસંગ રાજયમાં ફૂટબોલને આગળ વધારવાની સામૂહિક પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ લીગમાં ભારતના ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. GSLથી ગુજરાતના ફૂટબોલ ખેલાડીઓને સમૃદ્ધ અનુભવ તેમજ એક્સપોઝરનો લાભ મળશે.

આ તમામ છ ટીમ અતૂટ સમર્પણ સાથે એપ્રિલ ૧૫, ૨૦૨૪થી IIT, PDEU અને GFC ના મેદાન પર તેમની કૌશલ્યને નિખારી રહી છે. દરેક પ્રેક્ટિસ સેશન ગુજરાતને ફૂટબોલની શ્રેષ્ઠતા તરફ લઈ જવાની અદમ્ય ભાવનાનો પુરાવો છે. GSL ટુર્નામેન્ટ ૧લી મે થી ૧૨મી મે ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં ઈદ્ભછ એરેના, ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે. મેચના દિવસો ૧લી, ૨જી, ૪થી, ૫મી, ૮મી, ૧૦મી મે છે. ફાઇનલ ૧૨મી મે ૨૦૨૪ના રોજ રમાશે. ય્જીન મેચો આશાસ્પદ અને રોમાંચક બનવાની છે અને ફૂટબોલના ઉત્સાહીઓને કેટલીક અવિસ્મરણીય ક્ષણો પૂરી પાડશે. દરેક ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ ૧૨મી મે ૨૦૨૪ના રોજ સાંજે ૭ વાગ્યે ફાઈનલ મેચ રમશે.

માં વિજેતા ટીમને રૂ. ૧૧ લાખનું ઈનામ આપવામાં આવશે, જયારે રનર્સ અપ રહેનારી ટીમને રૂ. ૫ લાખનું ઈનામ મળશે. આ સાથે જ, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરાનારા ખેલાડીઓને જુદી-જુદી આઠ કેટેગરીમાં રૂ. ૨૫,૦૦૦નું ઈનામ આપવામાં આવશે, તેમજ દરેક મેચના પ્લેયર ઑફ ધ મેચને રૂ. ૫,૦૦૦નું ઈનામ આપવામાં આવશે. ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે પ્રેક્ટીસથી શરૂ કરીને ફાઇનલ મેચ સુધી દરેક દિવસનું રૂ. ૧૫૦૦-૨૦૦૦ સુધીનું દૈનિક ભથ્થું આપવામાં આવશે, એમ GSFAના ઓનરરી જનરલ સેક્રેટરી શ્રી મૂળરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

GSL ટ્રોફીના અનાવરણ સાથે, હવે સંપૂર્ણ ધ્યાન ટૂર્નામેન્ટ પર કેન્દ્રીત થાય છે. ગુજરાતમાં ફૂટબોલ માટેનો ઉત્સાહ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને ફૂટબોલના કૌશલ્યને પ્રદર્શિત કરવા માટેનો મંચ હવે સંપૂર્ણ રીતે સજ્જ છે.

GSFAના ઓનરરી જનરલ સેક્રેટરી શ્રી મૂળરાજસિંહ ચુડાસમાએ ટ્રોફી અનાવરણની વિધિનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે GSFAના હોદ્દેદારો તથા એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

GSLની મેચો માટેની સિઝન ટિકિટની કિંમત રૂ. ૪૯૯ રાખવામાં આવી છે, જયારે ફાઇનલ મેચની ટિકિટની કિંમત રૂ. ૩૯૯ રાખવામાં આવી છે. ટિકિટ ર્માસ્અજીર્ું પરથી મળી શકશે.

# રાજકોટમાં શહેર ભાજપ દ્વારા ડોર ટુ ડોર લોકસંપર્ક



રાજકોટ,

આગામી લોકસભાની ચૂંટણી અન્વરયે શહેર ભાજપ દ્વારા વિવિધ વોર્ડમાં ડોર ટૂ ડોર લોકસંપર્ક, જૂથ બેઠક, બુથ બેઠક, પ્રચાર-પ્રસાર, સાહિત્ય -પત્રીકા વિતરણ સહિતની કામગીરી અંતર્ગત સાંસદ મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્ય, ઉદયભાઇ કાનગડ, ધારાસભ્યસ રમેશભાઇ ટીલાળા, ડો. દર્શીતાબેન શાહ, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રભસિંહ ઝાલા સહિતના શહેરના સાધુ વાસવાણી રોડ, સૌરાષ્ટ્રી કલા કેન્દ્રય, રૈયા ચોકડી, કોટેચા ચોક, સહિતના વિસ્તાનરોમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાના સમર્થનમાં પદયાત્રા - લોકસપંર્ક યોજાયો હતો

# ખોખડદળ નદીમાં નહાવા પડેલા બે મિત્રના ડૂબી જવાથી કરુણ મોત

## ૧૭ અને ૧૮ વર્ષની વયના બે મિત્રની જિંદગી ડૂબી



(તસ્વીર દિલીપ ગોહેલ)

રાજકોટ:શહેરની ભાગોળે કોઠારિયા નજીકની ખોખડદળ નદીમાં નહાવા પડેલા પારડીના બે મિત્રના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા. ૧૭ અને ૧૮ વર્ષની વયના બંને મિત્રનાં મોતથી પારડીમાં ગમગીની છવાઇ ગઇ હતી. ઉનાળાના ધોમધખતા તાપમાં નદીમાં ધુબાકા મારવા બંને મિત્ર નદીમાં પડ્યા હતા પરંતુ બંનેને મોત મળ્યું હતું.પારડીની સહજાનંદ સોસાયટીમાં રહેતો આર્યન ભરતભાઇ રાઠોડ (ઉ.વ.૧૮) અને તેનો મિત્ર નયન અજયભાઇ વેગડા (ઉ.વ.૧૭) બપોરે નયનના બાઇકમાં પારડીથી નીકળ્યા હતા. સાંજ સુધી બંને પરત નહીં આવતાં નયનના પિતા અજયભાઇ વેગડાએ આર્યનના નાનાભાઇને ફોન કરીને બંને મિત્રો ક્યાં છે તે અંગે પૂછવાનું કહેતા આર્યનના ભાઇએ ફોન કરતા કોઇ અજાણી વ્યક્તિએ ફોન રિસીવ કર્યો હતો અને આ ફોન જેનો છે તે અને તેની સાથેનો છોકરો ખોખડદળ નદીમાં લાંબા સમયથી નહાવા પડ્યાની, બંનેના કપડાં નદી કાંઠે હોવાની અને બંને નદીમાં નહીં દેખાતા હોવાનું કહેતા ધ્રાસ્કો પડ્યો હતો અને આર્યન તથાં નયનના પરિવારજનો ખોખડદળ નદી કાંઠે દોડી ગયા હતા.ઘટનાની જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઇ હતી અને ફાયર બ્રિગેડના મરજીવાઓએ નદીના પાણી ડખોળ્યા હતા. દોઢેક કલાકની મથામણ બાદ નયન અને આર્યનના મૃતદેહ હાથ આવ્યા હતા. બનાવને પગલે આજી ડેમ પોલીસ સ્થળ પર દોડી ગઇ હતી અને બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આર્યન રાઠોડ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો અને તેણે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો હતો. તેના પિતા ભરતભાઇ રાઠોડ મજૂરીકામ કરે છે, જ્યારે નયન એક બહેનનો એકનો એક ભાઇ હતો અને તેના પિતા કડિયાકામ કરે છે. નદીમાં નહાવાની મોજ માણવા ગયેલા બંને મિત્રનાં મોતથી રાઠોડ અને વેગડા પરિવારમાં શોકનુંમોજું ફરી વળ્યું હતું. બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# એએસઆઇના ઢોરમારથી ઘવાયેલા બીજા યુવકનું પણ મોત,લાશ સંભાળવા ઈનકાર

## હત્યાના ગુનામાં માલવિયાનગરના એએસઆઇ કાનગડ રિમાન્ડ પર છે ત્યાં બીજા યુવકે દમ તોડ્યો!, રોષે ભરાયેલા લોકોએ પોલીસનો હુરિયો બોલાવતા માહોલ તંગ થઈ ગયો



રાજકોટ:શહેરના ગોંડલ રોડ પરના ખોડિયારનગરમાં રહેતા યુવકને થયેલા પાડોશી સાથેના ઝઘડામાં માલવિયાનગ પોલીસ સ્ટેશનના એએસઆઇ કાનગડે યુવક, તેના પુત્ર અને તેના મિત્રને ઉઠાવી જઇ ઢોરમાર માર્યો હતો. યુવકના મિત્રનું તા.૧૬ના મૃત્યુ થતાં જમાદાર કાનગડ સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. કાનગડ રિમાન્ડ પર છે ત્યાં જ બુધવારે રાત્રે યુવકનું મોત નીપજતાં બનાવ બેવડી હત્યામાં પલટાયો છે અને જ્યાં સુધી બંને મૃતકના પરિવારજનોને આર્થિક મદદ તેમજ તટસ્થ અધિકારીને તપાસ સોંપવામાં ન આવે ત્યાં સુધી લાશ સંભાળવાનો ઇનકાર કરી દેતા પોલીસબેડામાં દોડધામ મચી ગઇ હતી.ખોડિયારનગરમાં રહેતા રાજુભાઇ ભગવાનજીભાઇ સોલંકી (ઉ.વ.૪૦)ને ગત તા.૧૫ની રાત્રીના તેમની પાડોશમાં રહેતા વ્યક્તિ સાથે માથાકૂટ થતાં પાડોશીએ માલવિયાનગર પોલીસને બોલાવી હતી. પોલીસને બોલાવતાં રાજુભાઇનો પુત્ર જય સોલંકી આંબેડકરનગરમાં દોડી ગયો હતો અને રાજુભાઇના મિત્ર હમીરભાઇ દેવજીભાઇ રાઠોડને બોલાવી આવ્યો હતો. હમીરભાઇ સમાધાનનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે માલવિયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ અશ્વિન કાનગડ રાજુભાઇ સોલંકી, જય સોલંકી અને હમીરભાઇ રાઠોડને ઉઠાવી ગયા હતા.ત્રણેયને પોલીસ સ્ટેશનમાં ઢોરમાર મારવામાં આવ્યો હતો અને મોડીરાત સુધી ત્રાસ આપ્યા બાદ જવા દેવાતા ઘવાયેલા રાજુભાઇ અને હમીરભાઇને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી હમીરભાઇ સોલંકીનું તા.૧૬ના રાત્રીનાં મોત નીપજ્યું હતું. હમીરભાઇનું પોલીસના મારથી મોત નીપજતા એએસઆઇ અશ્વિન કાનગડ સહિતનાઓ સામે હત્યાનો ગુનો નોંધવાની માંગ સાથે તેમના પરિવારજનો સહિતનાઓએ દેખાવ કરી આક્રોશ ઠાલવ્યો હતો અને અંતે પોલીસે અશ્વિન કાનગડ સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ગુનો નોંધાતા જ અશ્વિન કાનગડ નાસી ગયો હતો અને મંગળવારે પોલીસે તેની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ પર લીધો હતો.દરમિયાન પોલીસના મારથી ઘવાયેલા રાજુભાઇ સોલંકીની બુધવારે સવારે તબિયત લથડતાં તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમનું બુધવારે રાત્રે મોત નીપજ્યું હતું. રાજુભાઇના મૃત્યુના સમાચાર વાયુવેગે ફેલાઇ જતાં લોકોના ટોળાં હોસ્પિટલે ઊમટી પડ્યા હતા અને એએસઆઇ અશ્વિન કાનગડ સામે બેવડી હત્યાની કલમનો ઉમેરો કરવા, રાજુભાઇ તથા હમીરભાઇના પરિવારજનોને ૨૫-૨૫ લાખની સરકાર આર્થિક સહાય કરે અને બેવડી હત્યાની તપાસ આઇપીએસ સુધા પાંડેને સોંપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી અને જ્યાં સુધી માંગ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી લાશ સંભાળવાનો ઇનકાર કરી દીધો હતો. ઘટનાને પગલે પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા અને મામલો થાળે પાડવાના પ્રયાસ શરૂ કર્યા હતા. જોકે રોષે ભરાયેલા લોકોએ પોલીસનો હુરિયો બોલાવતા માહોલ તંગ થઇ ગયો હતો.રાજુભાઈ સોલંકીનું મૃત્યુ થતાં તેમના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, ૧૫મીની રાત્રે હમીરભાઈ અને રાજુભાઈને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હમીરભાઈને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યારે રાજુભાઈને સિવિલમાં રખાયા હતા. પોલીસે તબીબો પર દબાણ લાવી રાજુભાઈને ગંભીર ઈજા નહીં હોવાનું કહી પરાણે રજા અપાવી દીધી હતી.હમીરભાઈની હત્યાના મામલામાં એએસઆઈ અશ્વિન કાનગડ બે દિવસના રિમાન્ડ પર છે, ટોળે વળેલા લોકોએ આક્રોશ સાથે કહ્યું હતું કે, એએસઆઈ અશ્વિન કાનગડ હત્યા કેસમાં રિમાન્ડ પર છે પરંતુ તેની સાથે આરોપીની જેમ વર્તવાને બદલે પોલીસ તેને તમામ સવલતો પૂરી પાડવામાં આવે છે.

# મટન રાંધવાના પ્રશ્ને ડખો થતાં યુવકનું ઢીમ ઢાળી દીધું હતું

રાજકોટ:

રાજકોટ જિલ્લાના લોધિકાના ખાંભા ગામની સીમમાંથી ગળું કાપી અજાણ્યા યુવકની હત્યા કરેલી લાશ મળી આવતા પોલીસ કાફલો દોડી જઇ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અહીંની હોસ્પિટલમાં ખસેડી તેની ઓળખ મેળવવા તેમજ હત્યાનો ગુનો નોંધવાની કાર્યવાહી કરી હતી. દરમિયાન રૂરલ એલ.સી.બી.ની ટીમે મૃતક યુવકની ઓળખ મેળવી હત્યાનો ભેદ ઉકેલી આરોપીને સકંજામાં લઇ પૂછતાછ કરતા દારૂ-મટનની મહેફિલમાં ઝઘડો થતા છરીના ઘા ઝીંકી યુવકને રહેંસી નાખ્યાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.દરમિયાન પીઆઇ ઓડેદરા સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક યુવાન શાપરમાં મજૂરીકામ કરતો હોવાનું અને મૂળ યુપીના શ્રાવસ્કી જિલ્લાનો અરૂણકુમાર દ્વારિકાપ્રસાદ હોવાનું બહાર આવતા પોલીસે શંકાસ્પદ મૂળ મધ્યપ્રદેશનો અને હાલ લોધિકા પાસે વાડીમાં ખેતમજૂરી કામ કરતો ગેંડાલાલ ઈન્દરસીંગ દાવર સાથે પરિચય થયો હોવાનું બહાર આવતા પોલીસે ગેંડાને ઉઠાવી લઇ આકરી પૂછતાછ કરતા હત્યાનો ભેદ ઉકેલાયો હતો.પોલીસની પૂછતાછમાં મૃતક યુવક અરૂણ શાપર-વેરાવળ પાસે દેશી દારૂ લેવા માટે જતા આરોપી ગેંડાલાલ પણ દારૂ લેવા માટે આવ્યો હોય બન્ને વચ્ચે પરિચય થતા દારૂ-મટનની મહેફિલ રાખી હતી. દરમિયાન મટન બનાવવાના પ્રશ્ને બન્ને વચ્ચે ઝઘડો થતા તેને છરીના ઘા ઝીંકી હત્યા કરી લાશને રૂમની બહાર ફેંકી દીધાનું રટણ કરતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

# રાજકોટમાં મવડી પોલીસ હેડક્વાર્ટરમાં કોન્સ્ટેબલે ૧૦મા માળેથી પરથી પડતું મૂકતા મોત!



(તસ્વીર દિલીપ ગોહેલ)

## ૨૩ વર્ષનો જુવાનજોધ દીકરો ગુમાવતા પરિવાર આઘાતમાં

રાજકોટ:રાજકોટમાં વધુ એક આપઘાતની ઘટના સામે આવી છે. રાજકોટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભાર્ગવ બોરીસાગરે મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બિલ્ડિંગના ૧૦મા માળેથી છલાંગ લગાવી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવના પગલે પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બી બ્લોકમાં ૧૦મા માળેથી છલાંગ લગાવી રાજકોટ પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાર્ગવ બોરીસાગર (ઉં.વ.૨૩) નામના યુવાને આપઘાત કરી લીધો છે. બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ તેમજ આસપાસના લોકો અને પોલીસ પરિવારના લોકો એકઠા થઇ ગયા હતા. પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પોલીસ કોન્સ્ટેબલે આજે કરેલા આપઘાતના બનાવ અંગે પરિવારજનો પણ કોઈ ચોક્કસ કારણ જાણતાં ન હોવાથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ૨૩ વર્ષીય આશાસ્પદ યુવાને અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા હાલ પોલીસ પરિવારમાં શોકનો માહોલ છવાઇ જવા પામ્યો છે.

# રાજકોટમાં ભાજપને બીનહરીફ કરવા કોંગ્રેસના કેટલાક નેતાનો પ્લાન હતો: ડો.વસાવડા

## ત્રણ નેતાઓએ વિક્રમ સોરાણીનું નામ ભારપૂર્વક મુક્યું પણ ધાનાણી ચૂંટણી લડવા તૈયાર થતા મંજુર ન થયું, સોરાણી હવે ભાજપમાં ભળશે



રાજકોટ:


સુરતમાં ભાજપને ચૂંટણી લડયા વગર જ કોંગ્રેસના બેવફા ઉમેદવારને કારણે બેઠક કબજે થઈ ગઈ ત્યારે આવું જ કાંડ રાજકોટમાં કરવાનો ગુપ્ત કારસો ઘડાયાની વાત કોંગ્રેસમાંથી બહાર આવી છે. રાજકોટ કે જ્યાં ક્ષત્રિયો પૂરી તાકાત લડાવીને રૂપાલાને હરાવવા નીકળી પડયા છે ત્યાં ખુદ કોંગ્રેસી નેતાઓએ વિક્રમ સોરાણી કે જે હવે ભાજપમાં ભળવાના છે તેમનું નામ મુક્યું હતું તેવો ઘટસ્ફોટ પ્રદેશ કોંગ્રેસના નેતા ડો.વસાવડાએ આજે કર્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીમાં જઈને પરત કોંગ્રેસમાં આવેલા ઈન્દ્રનીલ રાજ્યગુરૂ તથા વશરામ સાગઠીયા અને પૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય લલિત કગથરાએ વિક્રમ સોરાણીને ઉમેદવાર બનાવવાની માંગણી કરી હતી અને અમે તે કોંગ્રેસના કમિટેડ નેતા નથી તેમ કહીને વિરોધ કર્યો ત્યારે અમારી સામે શિસ્તભંગના પગલા લેવાની ચીમકી પણ અપાઈ હતી. હવે તા. ૨૭ના સોરાણી ભાજપમાં ભળી રહ્યાની વાત બહાર આવી છે ત્યારે જો તેમને રાજકોટની ટિકીટ મળી હોત તો સુરતના કુંભાણી જેવું કાંડ રાજકોટમાં થઈ ચૂક્યું હોત તેવું સ્પષ્ટ જણાય છે. શહેર કોંગ્રેસ પ્રમુખનો આ અંગે સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે સોરાણી ભાજપમાં ભળી રહ્યાના અહેવાલો આવ્યા છે.

# અનેક ગેરરીતિઓ બહાર આવ્યા બાદ રાજકોટની બી.એ. ડાંગર હોમિયોપેથી કોલેજને સીલ મારવા નિર્દેશ



રાજકોટ: અહીના જામનગર રોડ ઉપર આવેલી બી.એ. ડાંગર હોમિયોપેથી કોલેજમાં એકનાં બદલે બીજા લાયકાત વગરના ડમી અધ્યાપકો ભણાવતા હોવાની વિગતો બે દિવસના ઈન્સ્પેકશન દરમિયાન બહાર આવ્યા બાદ આ અંગેનો રિપોર્ટ હોમિયોપેથી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને મોકલવામાં આવશે. આ કોલેજમાં ચાલતી હોસ્પિટલમાં દર્દીઓના નામ પણ ડમી હોવાનું બહાર આવ્યું હતું. આ પ્રકારની વહીવટી ગેરરીતિ બદલ ટુંક સમયમાં કોલેજની સીલ મારવામાં આવનાર હોવાનો નિર્દેશ તપાસનીશ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો હતો. રાજકોટમાં હોમિયોપેથીનાં સ્નાતક કક્ષાનાં શિક્ષણ સાથે સંકળાયેલી બી.એ. ડાંગર હોમિયોપેથી કોલેજમાં બે દિવસના ઈન્સ્પેકશન દરમિયાન જોવા મળેલી વહીવટી અનિયમિતતાનાં સંદર્ભમાં મેડીકલ એસસમેન્ટ એન્ડ રેટીંગ બોર્ડ ફોર હોમિયોપેથીના ચેરમેન જનાર્દન નાયરે જણાવ્યું હતું કે, કોલેજના બે દિવસનાં ઈન્સ્પેકશન દરમિયાન માત્ર ૧૦ શિક્ષકો અને બે હોસ્પિટલનો સ્ટાફ જોવા મળ્યો છે. બાકી જે ડમી લોકોને ઉભા કરવામાં આવ્યા હતાં તેમાંથી કોઈ પાસે તેમના ઓળખપત્રો ન્હોતા. કોલેજને સ્ટાફનું એક વર્ષનું બેંક સેલરી સ્ટેટમેન્ટ માગવામાં આવ્યું હતું. જે તેઓ આપી નથી શક્યા. સ્ટાફની સેલરી, હાજરી સહિતની વિગતોનું રેકર્ડ જાણે ઉભુ કરવામાં આવ્યું હોય તે પ્રકારની વિગતો મળી છે. આ તમામ ચોંકાવનારી વિગતો સાથેનો રીપોર્ટ નેશનલ કમીશન ફોર હોમિયોપેથી દિલ્હીને મોકલવામાં આવશે. ત્યારબાદ કોલેજની વિરૂધ્ધ કડક કાર્યવાહી થશે. સૌરાષ્ટ્ર યુનિ. સામે સંલગ્ન હોમિયોપેથી કોલેજમાં જોવા મળતી વહીવટી અનિયમિતતાની ફરિયાદો સંદર્ભે તેઓએ ઉમેર્યું હતું કે, બી.એ. ડાંગર કોલેજની તપાસ પુરી થઈ છે. ત્યારબાદ અન્ય કોલેજોમાં પણ તપાસ થશે. પગલાં લેવાશે.હોમિયોપેથી કોલેજનાં પ્રશિક્ષણ દ્વારા તૈયાર થતાં તબીબોની જવાબદારી લોકોના આરોગ્યની સારસંભાળ રાખવાની છે. આ કોલેજોમાં ગેરરીતિ ચાલતી હોય તો તેના ગંભીર પરિણામે સમાજે ભોગવવા પડે. આ માટે યુનિવર્સિટીએ તેમજ રાજય સરકારે પણ અસરકારક નીતિ બનાવવાની જરૂર છે. તેની પણ જવાબદારી છે. તેમ કહી તેઓએ ડાંગર કોલેજની ક્ષતિઓને ગંભીર ગણાવી હતી. બીજી બાજુ કોલેજ સંચાલકોએ ભુતપૂર્વ કોલેજ પ્રિન્સીપાલ દ્વારા ઉપજાવી કાઢેલી વિગતોના આધારે આક્ષેપ કર્યા હોવાનું જણાવી તપાસ રીપોર્ટની ક્ષતિઓને નકારી કાઢી હતી.

# સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રશ્નો વોટ્સએપમાં ફરતા થયાના પ્રકરણને ઠંડુ પાડવા સત્તાધીશોનો પ્રયાસ?




રાજકોટ:રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં BCA સેમેસ્ટર- ૪ ના ૩ પેપરના પ્રશ્નો ૫માં દિવસે પણ પોલીસ ફરિયાદ કરવામાં ન આવતા આશ્ચર્ય જનમ્યું છે. એક ચર્ચા મુજબ પેપરના પ્રશ્નો લીક થવા પાછળ ભાજપના આગેવાનની કોલેજ જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે, ત્યારે આ પ્રકરણમાં FIR નોંધાવવાને બદલે નિવૃત જજની તપાસ સમિતિ રચી હોવાનું સામે આવ્યું છે. આ તપાસ કમિટી પણ સિંગલ નિવૃત્ત જજની છે. જેથી આ તપાસ ક્યારે પૂર્ણ થાય અને તે બાદ ક્યારે પોલીસ ફરિયાદ થાય તે જાહેર થયું નથી. આમ કહી શકાય કે ૩ પેપરના પ્રશ્નો લીક થવાના પ્રકરણને ઠંડુ પાડવા માટે સત્તાધીશોએ તપાસ સમિતિ રચી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા દ્વારા ગત તારીખ ૧૯મી એપ્રિલના સાંજે ૫ વાગ્યે જાહેર કરવામાં આવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું BCA સેમ.૪ ના ૩ દિવસના એટ્લે કે તારીખ ૧૬, ૧૮ અને ૧૯ એપ્રિલના પ્રશ્નપત્રોના પ્રશ્નો પરીક્ષા શરૂ થયાના ૧ કલાક પહેલા વોટ્સએપ ગ્રુપમાં ફરતા થયા છે. જેમાં તેમના દ્વારા વોટ્સએપ ગૃપ ધ બોયઝમાં જય નામના વિદ્યાર્થી દ્વારા પ્રશ્નપત્રોના સવાલો મૂકવામાં આવ્યા હોવાનું પણ જાહેર કર્યું હતું. આ ઉપરાંત તમામ પુરાવાઓ બે દિવસ પહેલા જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. નીલાંબરી દવેને આપવામાં આવ્યા હતા. આ તકે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ પણ હલ્લાબોલ કર્યો હતો. જોકે તે પછી પણ યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્રકારની પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષાના પ્રશ્નપત્રના પ્રશ્નો સોશિયલ મીડિયામાં પરીક્ષા પહેલા જ વાયરલ થયાની વિદ્યાર્થી નેતાની રજૂઆત આવી હતી. જે અંગે તપાસ માટે યુનિવર્સિટી દ્વારા નિવૃત્ત જજ દિનેશ ત્રિવેદીની નિમણૂક કરવામાં આવી છે. સિંગલ નિવૃત્ત જજની આ કમિટી તપાસ કરશે અને ત્યારબાદ પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લેવામાં આવશે.

# સગીરા પર દુષ્કર્મ આચરી માતા બનાવનાર શખ્સના જામીન રદ

રાજકોટ:થોરાળા પોલીસ મથકના વિસ્તારમાં રહેતી સગીરા પર દુષ્કર્મ આચરી તેને સગર્ભા બનાવી દેવાના આરોપી સામે ગુનો આચરવામાં આવેલ આ ગુનામાં પોલીસે બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને જેલહવાલે કરવામાં આવ્યા હતા. જેમાં આરોપી ઈરફાન હુસેનભાઈ આમરોણિયા (રહે.ગંજીવાડા ) એ જામીન પર છૂટવા પોક્સો અદાલતમાં અરજી કરી હતી જેમાં સરકારી એડવોકેટએ દલીલો સાથે રજૂઆત કરી હતી કે, આરોપીઓ સામે સમાજ વિરોધી ગંભીર ગુનાનો આરોપ હોય અને આરોપીઓ સગીરા ઉપર દુષ્કર્મ આચરી સગર્ભા બનાવી દેતા અને સગીરાને હાલ બાળકનો જન્મ થયેલ તેથી સગીરાને કુંવારી માતા બનાવી દીધેલ હોય આવા સમાજ વિરોધી અને ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં તેવી રજૂઆતને ધ્યાને લઈ જજએ આરોપીના જામીન રદ કર્યા હતા.

# માતા-પિતાના દાડા માટે ૬૦ હજાર લીધા, વ્યાજખોરે ૫ લાખ માગતા યુવાને સીપી કચેરીમાં ફિનાઈલ પીધું

## વ્યાજખોરે યુવકના પરિવારજનોના ખાતા ખોલાવડાવી દુબઈથી રૂ.૧૬ થી ૨૦ લાખના ટ્રાન્ઝેકશન કયા

રાજકોટ:શહેરના મોરબી રોડ વિસ્તારમાં રહેતા યુવકે તેના માતા-પિતાનું અવસાન થતાં તેમના દહાડા માટે વ્યાજખોર પાસેથી રૂ.૬૦ હજાર વ્યાજે લીધા હતા. વ્યાજ સહિતની રકમ ચૂકવી દીધી હોવા છતાં વ્યાજખોરે વધુ રૂ.૫ લાખ માગી ધમકી દેતા તેમજ યુવક તથા તેની પત્ની સહિતનાઓના બેંક ખાતાનો ગેરઉપયોગ કરતાં કંટાળીને યુવકે પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઇલ પી લીધું હતું. પોલીસે ગુનો નોંધી વ્યાજખોરોની શોધખોળ શરૂ કરી હતી.મોરબી રોડ પરના બજરંગપાર્કમાં રહેતા અને ક્ષૌરકર્મ કરતાં અમિત કાંતિલાલ હિરાણી (ઉ.વ.૩૬)એ પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઇલ પી લેતા તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઘટનાને પગલે પોલીસ દોડી ગઇ હતી અને હોસ્પિટલના બિછાને પડેલા અમિતની ફરિયાદ નોંધી હતી. અમિતે ફરિયાદમાં જણાવ્યું હતું કે, દોઢ વર્ષ પહેલાં તેના માતાનું અવસાન થતાં તેમનો દહાડો કરવા માટે પાડોશમાં રહેતા અંકિત મનુ પટેલ પાસેથી રૂ.૨૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધા હતા. ત્યારબાદ આ રકમ અમિતે તેના પિતા કાંતિલાલ હસ્તક અંકિતને પરત કરી દીધી હતી. પાંચ મહિના પૂર્વે કાંતિલાલનું પણ અવસાન થતાં તેમના દહાડા માટે અમિતે ફરીથી અંકિત પાસેથી રૂ.૪૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધા હતા અને સાત મહિનામાં વ્યાજ સહિત તમામ રકમ ચૂકવી દીધી હતી.ત્યારબાદ પણ અંકિતે તારે રૂ.૧.૫૦ લાખ આપવાના છે તેમ કહી નાણાંની માંગ કરી હતી અને જો તારે આ રકમ ચૂકવવી ન હોય તો અમારે બેડી યાર્ડમાં ઘઉંનો ટાર્ગેટ પૂરો કરવાનો છે માટે તારા તથા તારા સગાં વહાલાના બેંક એકાઉન્ટ દશેક દિવસ માટે ખોલાવી દે તેમ કહેતા અમિતે પોતાનું, તેની પત્ની સુજાતાબેન, સસરા રવિભાઇ નારણભાઇ દેસલ અને સાસુ ગીતાબેન દેસલનું બેડી યાર્ડમાં આવેલી બેંકમાં એકાઉન્ટ ખોલાવ્યા હતા. તમામ પાસેથી ૫-૫ કોરા ચેક લઇ લીધા હતા. થોડા દિવસ બાદ અંકિતના ભાઇ રાજનના પરિચિત ગૌતમ ડાયા કારસિયાએ જઇને ચેકબુક પાસબુક સહિતના દસ્તાવેજો પરત આપ્યા હતા અને કહ્યું હતું કે, તમારા બેંક ખાતા ચાલ્યા નથી નવા ખોલાવવા પડશે.થોડા દિવસ પછી લીમડા ચોક પાસે આવેલી બેંકમાં ખાતા ખોલાવ્યા હતા અને તમામના ખાતામાંથી બારોબાર દુબઇથી રૂ.૧૬થી ૨૦ લાખના ટ્રાન્ઝેકશન કરી નાખ્યા હતા. અમિતભાઇએ આ બેંક ખાતામાંથી ટ્રાન્ઝેકશન અંગે પૃચ્છા કરતાં અંકિત અને તેના ભાઇ રાજને વ્યાજના રૂ.૫ લાખની માંગ કરી ધમકી આપી હતી. વ્યાજખોર બંધુથી કંટાળી અંતે અમિતે પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પોલીસે અંકિત અને તેના ભાઇ રાજન સામે ગુનો નોંધી તપાસ આગળ ધપાવી હતી. ફરિયાદીએ બેંક ટ્રાન્ઝેકશનના કરેલા આક્ષેપ અંગે પોલીસે બેંક પાસેથી વિગત મગાવવા કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત જે ટ્રાન્ઝેકશન થયાની વાત છે તે કોને કર્યા અને ક્યારે કર્યા તે અંગે તપાસ શરૂ કરી છે.

# કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આવતીકાલે રાજકોટમાં



રાજકોટ:રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કાલે વિકસિત ભારત ૨૦૪૭ અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવજી શહેરીજનો અને વેપારીઓ સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમ આવતીકાલે ૨૬ એપ્રિલના રોજ સવારે ૯.૦૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ હોલ રૈયા રોડ રાજકોટ ખાતે શરૂ થશે.

આ સંવાદ કાર્યક્રમમાં સહભાગી થવા માટે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન માટે ૦૨૮૧-૨૨૨૭૪૦૦-૫૦૦ અથવા તો ૭૩૮૩૧૨૭૪૦૦ પર સંપર્ક કરવાનો રહેશે. આ સિવાય https://forms.gle/9G4an3Fs4VpiMrEg8 લિંક પર રજિસ્ટ્રેશન કરી શકાશે.ઓટો મોબાઈલનું હબ ગણાતા રાજકોટમાં મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમો આવેલા છે. હવે રેલવે, એરોપ્લેન સહિત ડિફેન્સના સાધનો બની રહ્યા છે. આ કાર્યક્રમમાં વેપારીઓને અને ઉદ્યોગપતિઓને ભાગ લેવા માટે ચેમ્બર પ્રમુખ વી.પી.વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવાયું છે.